# MEDIA BUZZ

**ગુજરાત સમાચાર** શનિવાર, તા.૧૩ એપ્રિલ, ૨૦૧૯

## જર્મનીના GDPમાં MSMEનો ફાળો ૯૦ ટકા
## ભારતની MSMEમા ઈનોવેશનના અભાવે GDPમા માંડ ૨૭ ટકા યોગદાન

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

'બેંકોના વધી રહેલા એનપીએ પાછળ કોઈ એક સરકાર કે કોઈ એક કારણ જવાબદાર નથી હોતુ તેના માટે વૈશ્વિક અર્થતંત્રથી લઈને ઉદ્યોગોની નીતિ, સ્થાનીક ઔદ્યોગિક વાતાવરણ સહિતના ઘણા બધા પાસાઓ જવાબદાર હોય છે. આજકાલ બેંકના એનપીએનો પ્રશ્ન બહુ ચર્ચામાં હોય છે જે સારી વાત છે પરંતુ એ વાત પણ લોકોએ સમજવી પડશે કે જેમ અન્ય ઉદ્યોગોમાં નફાની સાથે ખોટ પણ હોય છે તેમ બેંકમાં પણ નફાની સાથે ખોટ હોય છે અને બેંકની ખોટ એટલે એનપીએ' એમ આજે વડોદરા આવેલા યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન કેવલ હાંડાએ કહ્યું હતું.

### અન્ય ઉદ્યોગોમાં જેમ ખોટ થતી હોય છે તેમ બેંકોમાં પણ NPAના રૂપમાં ખોટ જોવા મળે છે : બેંકોના મર્જરથી ઈકોનોમીને ફાયદો થશે : યુનિયન બેંક ચેરમેન

પત્રકારો સાથે વાત કરતા કેવલ હાંડાએ ભારતના અર્થતંત્રમાં એમએસએમઈ (લઘુ અને મધ્યમકક્ષાના ઉદ્યોગો)નો ફાળો ખૂબ ઓછો હોવાની વાત કરતા કહ્યું હતું કે 'જર્મનીના જીડીપીમાં એમએસએમઈનો ફાળો ૯૦ ટકાથી વધુ છે જ્યારે ભારતના જીડીપીમાં એમએસએમઈનો ફાળો માંડ ૨૭ ટકા છે તેની પાછળ કારણ એ છે કે આપણે ત્યા એમએસએમઈમાં ઈનોવેશન અને રિસર્ચની ખોટ છે. આપણા દેશમાં ઈનોવેશન અને રિસર્ચ માટે ઘણી સારી સંસ્થાઓ છે પરંતુ એમએસએમઈ અને આવી સંસ્થાઓ વચ્ચે આજ સુધી કોઈ ટાઈઅપ થયુ નથી. જ્યારે બીજી તરફ ભારતમાં જે સ્ટાર્ટ અપ આવી રહ્યા છે તે લોકો રિસર્ચ અને ઈનોવેશનનો ઉપયોગ કરી રહ્યા છે'કેવલ હાંડાએ બેંક્સ મર્જરની પ્રક્રિયાને યોગ્ય ગણાવી હતી અને કહ્યું હતું કે 'બેંકના મર્જરથી દેશની ઈકોનોમીને ઘણો ફાયદો થશે. અલબત શરૂઆતના તબક્કામાં અલગ આઈ.ટી. પ્લેટફોર્મ, અલગ કલ્ચર જેવી થોડી સમસ્યાઓ સર્જાઈ શકે છે પરંતુ સરવાળે બેંક મર્જર ફાયદાકારક છે. ઉલ્લેખનિય છે કે ફેડરશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝના અગામી ત્રણ વર્ષ (૨૦૧૯-૨૧) માટે ચૂંટાઈ આવેલા નવા હોદ્દેદારોની શપથ વિધિ સમારોહ આજે સાંજે યોજાયો હતો જેમાં મુખ્ય મહેમાન તરીકે યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન કેવલ હાંડા હાજર રહ્યા હતા.

**લોકસત્તા જનસત્તા** રવિવાર ૧૪ એપ્રિલ, ૨૦૧૯

### બેન્કિંગ ક્ષેત્ર માટે પડકારરૂપ છતાં આશાસ્પદ ભવિષ્ય નક્કી છે
## બેન્કોનું મર્જર થવાથી આગામી દિવસોમાં ખોટ કરતી બેન્કો નફો કરશે : કેવલ હાન્ડા

વડોદરા, તા.૧૩

વડોદરા ખાતે એફજીઆઈના ૨૦૧૯ થી ૨૦૨૧ના ચૂંટાયેલા હોદ્દેદારોના શપથવિધિ સમારોહમાં મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેલા યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ અને ફાઈઝર ઈન્ડિયાના પૂર્વ એમડી કેવલ હાન્ડાએ જણાવ્યું હતું કે, બેન્કિંગ ક્ષેત્ર એનપીએને લઈને પડકારરૂપ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. તેમ છતાં તેનું ભવિષ્ય ઉજ્જવળ ભાસી રહ્યું છે. રાષ્ટ્રીયકૃત બેન્કોના મર્જરથી આગામી દિવસોમાં ખોટ કરતી બેન્કો નફો કરતી થઈ જશે. એટલું જ નહિ, ડિફોલ્ટર સામે જે રીતે સરકાર કડકાઈથી પગલાં લઈ રહી છે તે જોતાં આગામી દિવસોમાં બેન્કોનું એનપીએ ઘટી જશે.

એફજીઆઈ ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં અધ્યક્ષ કેવલ હાન્ડા, મહાપ્રબંધક મોનિકા કાલિયા અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારતમાં એમએસએમઈ ઉદ્યોગોનો જેટલો વધુ વિકાસ થશે તેટલી રોજગારી વધશે. ગુજરાતમાં આ ઉદ્યોગ હરણફાળ ભરી રહ્યો છે ત્યારે બેન્ક આવા ઉદ્યોગોને સહાય કરી આગળ લાવવા તત્પર છે. પરંતુ આ ઉદ્યોગોની વૈશ્વિક હરીફાઈમાં પહોંચી વળવા માટે સંશોધન અને વિકાસની કામગીરી પર ભાર આપવો પડશે તેમજ વિશ્વમાં ઉદ્યોગોમાં જે કંઈ નાવિન્યતા આવી રહી છે તેની સાથે કદમ મિલાવીને ચાલશે તો જ ટકી શકશે. વિશ્વમાં જર્મનીના જીડીપીમાં ૫૦ ટકા ઉપરાંત હિસ્સો એમએસએમઈ ઉદ્યોગોનો રહ્યો છે જેનું પ્રમાણ ભારતમાં માત્ર ૨૭ ટકા જેટલું છે.

ભારત પાસે શ્રેષ્ઠ બુદ્ધિધન છે. વિશ્વની ટોચની કંપનીઓમાં સારામાં સારા ટેકનિશિયનો તરીકે ૨૦ ટકા ભારતીયો છે. ભારતીયોને કારણે જ વિશ્વની ટોચની કંપનીઓ અણધારી સફળતા મેળવી શકી છે. ભારતના ઉદ્યોગો નાણાકીય પડકારોને યોગ્ય આગોતરા આયોજનને અભાવે પહોંચી શકતા નથી, જેને લઈને ઉદ્યોગો પ્રગતિ કરે તે પહેલાં જ નિષ્ફળતા પ્રાપ્ત કરે છે. તેઓએ ઉદ્યોગોના વિકાસ માટે બજારમાંથી મૂડી લેતાં પહેલાં આયોજન કરે તે જરૂરી છે.

ભારતમાં જે કંપનીઓ બેન્કો સાથે છેતરપિંડી કરીને ફરાર છે એવી કંપનીઓ અંગે એનસીએલટીમાં નિર્ણય લેવાયા પછી બેન્કોની મૂડી પરત ફરતાં એનપીએનું પ્રમાણ ઘટવાની સાથોસાથ નફાનું ધોરણ વધશે અને ખોટ ઓછી થશે. અગાઉના સમયમાં અલગ અલગ બેલેન્સશિટોના આધારે બેન્કો અને અન્ય નાણાકીય સંસ્થાઓને છેતરી શકાતી હતી પરંતુ હવે બધું જ ડીજિટલાઈઝેશન થઈ ગયું હોવાથી નાણાકીય સંસ્થાઓને છેતરી શકાય તેમ નથી. આગામી દિવસોમાં આને લઈને બેન્કોની સ્થિતિ વધુ ને વધુ સધ્ધર થશે. આ પ્રસંગે બેન્કના અધિકારી રાજુ ઝા તેમજ ફેડરેશનના પદાધિકારીઓ પૂર્વ પ્રમુખ નીતિન માંકડ, નવા પ્રમુખ મનોહર ચાવલા, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ પરેશ સરૈયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**લોકસત્તા જનસત્તા** શનિવાર ૨૦ એપ્રિલ, ૨૦૧૯

## એફજીઆઇ અને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા મતદાન જાગૃતિ અભિયાન યોજાયું



વડોદરા, તા.૧૯

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ અને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા એફજીઆઇ ખાતે મતદાન જાગૃતિ અભિયાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી યોજાયું હતું. જેમાં વિવિધ એનજીઓને વડોદરા રિજિયનની વિવિધ સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ અભિયાનમાં તા.૨૩ એપ્રિલના રોજ યોજાનાર લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય એ માટે જાગૃતિ ઉભી કરવામાં આવી હતી. આ સમારોહના મુખ્ય મહેમાન પદે વડોદરા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી સાલીની અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતાં. જેઓએ મતદાન જાગૃતિ પ્રચાર માટે મતદારોને જાગૃત કરતું અને સમજ આપતું મનનીય પ્રવચન કર્યું હતું. જેને લઈને વિવિધ ઉદ્યોગોના મંડળોના સભ્યો અને તેઓના પરિવારના સભ્યોમાં મતદાન વિશે જાગૃતિ આવે તેમજ તેઓ મોટા પ્રમાણમાં મતદાન કરવા માટે તા.૨૩ એપ્રિલના રોજ જાય તેવું પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું. આ પછી મુખ્ય મહેમાને મતદાન અંગે સપત લેવડાવ્યા હતાં. ત્યાર બાદ તમામ ઉદ્યોગ મંડળો અને ઉદ્યોગકારોએ પોતાના કર્મચારીઓ સહિતના તમામ મતદાન કરવાં જાય એવી ખાત્રી ઉચ્ચારી હતી. જેથી વધુને વધુ મતદાનના પ્રયાસો સફળ થાય.

આ કાર્યક્રમમાં એફજીઆઇના પ્રમુખ અને ટ્રેઝરર, વીસીસીઆઇના પ્રમુખ હેમંત વડાલીયા, જગદીશ ગોહીલ, હિમાન્સુ પટેલ અને અન્ય ઉપસ્થિત રહ્યા હતાં. એફએસએસઆઇના પ્રમુખ ધંકેશ પટેલ, વિનોદ દેસાઇ, એનઆઇએના ઉપ પ્રમુખ મોહન નાયક, વડોદરા મેરેથોનના ચેર પર્સન તેજલ અમિન, એક્ઝીમના જોઈન્ટ સેક્રેટરી નવનીત પટેલ, ઈન્ડિયા એસએમઈના પ્રમુખ નિલેશ શુકલા અને અશ્વિન ભાવસાર આઈએસએમઈ, સાવલી ઈસ્ટ વાઘોડિયા વેસ્ટ એસો.ના પ્રમુખ ભરત દેસાઈ, પાદરાના વી.પી. આર.સી. પટેલ, બીએમએના પ્રમુખ એડવોકેટ આનંદ મજબુદાર, સે... હેમંગ વાહિયા, આઈસીએઆઈ... એ હિતેશ અગ્રવાલ, જીઓના ... સ્વેતાંન્સુ પટેલ, કેડાઈના જતિન ... યુનાઈટેડ વે ઓફ બરોડા, ... સિટીઝન કાઉન્સિલ, ઉપ પ્રમુખ ... શાહ, વીઆઈસીના વિકાસ ... રોટરી ક્લબના જુનેજા અને તેમની ... પારુલ યુનિવર્સિટીના સંતોષ નાયક ... રમણ ગામડી એસો.ના સેક્રેટરી ... જોષી, વાઘોડિયા જીઆઈડીસી ... બીપીસીના અધ્યક્ષ વિપીન પટેલ વ... ભાગ લીધો હતો.

**દિવ્ય ભાસ્કર** વડોદરા, શનિવાર, 13 એપ્રિલ, 2019

## લઘુ અને મધ્યમ ઉદ્યોગો તેમના ઉત્પાદનથી વૈશ્વિક ઓળખ બનાવે

બિઝનેસ રિપોર્ટર | વડોદરા

ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ ખાતે શુક્રવારે યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન કેવલ હાંડાનું મેક અ મિટલસ્ટેન્ડ ઈન ઈન્ડિયા વિષય પર લેક્ચર રાખવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે જર્મનીમાં આવેલા મિટલસ્ટેન્ડ વિસ્તારમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોનું મોડેલ દુનિયામાં આગવી ઓળખ ધરાવે છે. આપણે પણ તેવી જ રીતે લઘુ અને મધ્યમ ઉદ્યોગોને આગળ વધારવા જોઈએ. એમ.એસ.એમ.ઈ તેમની વૈશ્વિક ઓળખ ઉભી કરે તે જરૂરી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મિટલસ્ટેન્ડમાં ઉદ્યોગો દ્વારા એક જ પ્રોડક્ટ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે અને તેને કારણે વૈશ્વિક ઓળખ ઉભી કરવાનો પ્રયાસય કરવામાં આવે છે.

**SANDESH** WEDNESDAY, 29•05•2019

## FGIના પ્રેસિડેન્ટની યુનિવર્સિટીનાં સેનેટમાં નિયુક્તિ



ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝનાં પ્રેસિડેન્ટ મનોહર જી ચાવલાની એમ એસ યુનિવર્સિટી દ્વારા ગત ૨૩મીના રોજ એફજીઆઈનાં પ્રતિનિધિ તરીકે સેનેટમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમને એફજીઆઈ મેનેજિંગ કમિટી દ્વારા એફજીઆઈનાં પ્રતિનિધિ-ઉમેદવાર તરીકે ૩જી મેના રોજ સૂચિત કરવામાં આવ્યા હતા. તેઓની નિમણૂંકથી ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝનાં સભાસદો, હોદ્દેદારો અને પદાધિકારીઓમાં ખુશીનો માહોલ છે.

# MEDIA BUZZ

15/04/2019 Vadodara: Chambers of commerce, industries associations hold voters awareness campaign - Times of India

Printed from
THE TIMES OF INDIA

## Vadodara: Chambers of commerce, industries associations hold voters awareness campaign

TNN | Apr 20, 2019, 06.40 PM IST



Vadodara: The Federation of Gujarat Industries (FGI) with the support of all chambers of commerce and industries associations, institutions of Vadodara region held a voters awareness campaign on Friday to increase voter turnout in the forthcoming Lok Sabha polls.

Vadodara collector and district election officer Shalini Agrawal was invited as chief guest during the programme. The programme began with symbolic celebration by release of tri-colour helium balloons with vote awareness message.

FGI president Manohar Chawla welcomed the election officials and members of all the organizations. He informed that as FGI has motivated its members to ascertain voting from their employees, all the other associations and institutes of Vadodara are also supporting the drive.

"We have also circulated government notification on leave to employees on April 23," he said.

Subsequently, systematic voters' education and electoral participation process (SVEEP) was introduced by SVEEP coordinator Dr Sudhir Joshi.

Agrawal shared information on polling process. During her address, she encouraged electorates "to go for the most important right of an Indian citizen - that of the vote".

The programme included an oath taking, symbolizing firm determination to go and cast vote and to promote voting among all electorates.

Agrawal took assurance from all the organizations that all their employees and workforce will be granted paid holiday on Tuesday to cast their votes and the message of voting would be reiterated among all employees of the organizations present to ensure that maximum voting takes place in Vadodara.

---

THE TIMES OF INDIA, AHMEDABAD/BARODA
TUESDAY, JUNE 11, 2019

## Swiss consul general meets businessmen to seek investments

Times News Network

**Vadodara:** Switzerland consul general Othmar Hardegger met businessmen in the city on Monday and encouraged them to invest in the European country. Hardegger said that it was his first visit to the city and second to Gujarat. The Swiss government is eyeing investments from Gujarat as it is an important industrial state and also highly export oriented.

"Most exports from India to Switzerland are of chemicals and Gujarat is a hub of chemical industries. We are here to inform the businessmen about the investment opportunities in Switzerland and what our country can offer them," Hardegger said. He added that Switzerland is home to nearly 150 Indian companies.

Hardegger also said that the number of Indian tourists to Switzerland is on the rise. "In 2018, we had 3.50 lakh Indian tourists and this year too the number is good. Many Indians know about Switzerland due to Bollywood. We now have Bollywood actor, Ranveer Singh as our country's brand ambassador," Hardegger told TOI. He spoke to the businessmen at the Federation of Gujarat Industries (FGI) business centre on Monday evening.

---

લોકસત્તા જનસત્તા
સોમ... ૧૭ જૂન, ...

## વેપારની તકો અને રોકાણ વિષે સ્વિત્ઝર્લેન્ડના કોન્સુલ જનરલે ઉદ્યોગકારો સાથે એફજીઆઈમાં ચર્ચા-વિચારણા કરી

### સ્વિત્ઝર્લેન્ડ ૧૫૦ ભારતીય કંપનીઓને માટે ઘર સમાન

વડોદરા, તા.૧૬

વડોદરામાં સ્વિત્ઝર્લેન્ડના કોન્સુલ જનરલ ઓથમાર હાર્ડેઝરે એફજીઆઈ ખાતે ઉદ્યોગકારો સાથે વ્યાપારની તકો અને રોકાણો વિશે ચર્ચા વિચારણા કરી હતી. સ્થાનિક ઉદ્યોગકારો સાથેની આ મિટિંગમાં સ્વિત્ઝર્લેન્ડના ઉદ્યોગો સાથે સંયુક્ત સાહસમાં વડોદરા ખાતે ઉદ્યોગો સ્થાપનાર ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સ્કહર્ટર ઈલેકટ્રોનિક્સ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેકટર અસગરી લોખંડવાલા, મ્યુલર યુનિફેબ પેકેજિંગના સીઈઓ અને મેનેજિંગ પાર્ટનર મનન સરૈયા અને ઈન્ટીગ્રા એન્જનિયરિંગ ઈન્ડિયાના સીઈઓ ઉત્કર્ષ પુંડલીક ઉપસ્થિત રહ્યા હતા.

જે... સાથેન... તેમજ... રીતે મહત્ત્વનું વિકસિત રાજ્ય છે, જેને લઈને સ્વિત્ઝર્લેન્ડ સરકાર ગુજરાતમાંથી વધુ ને વધુ રોકાણ થાય એમ ઈચ્છે છે. આ રાજ્યમાંથી મોટા પ્રમાણમાં ઉત્પાદનોની નિકાસ થાય છે એ મહત્ત્વનું પાસું છે.

સ્વિત્ઝર્લેન્ડમાં ભારતમાંથી નિકાસ કરનારા મોટાભાગના નિકાસકારો રસાયણના ઉદ્યોગકારો છે. ગુજરાત રસાયણ ઉદ્યોગનું હબ છે. સ્વિત્ઝર્લેન્ડ ૧૫૦ ભારતીય કંપનીઓને માટે ઘર સમાન છે. જ્યાં રોકાણને માટે વિપુલ તકો રહેલી છે.

સ્વિત્ઝર્લેન્ડમાં પ્રતિવર્ષ ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૮માં સાડા ત્રણ લાખ ...

---

SANDESH WEDNESDAY, 12•06•2019

## સ્વિત્ઝર્લેન્ડની ૩.૫૦ લાખ ભારતીયોએ મુલાકાત લીધી

। વડોદરા ।

સ્વિત્ઝર્લેન્ડની ગત વર્ષે ૩.૫૦ લાખ ભારતીય પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. સ્વિત્ઝર્લેન્ડના ટુરિઝમ સેકટરમાં ભારતીય પ્રવાસીઓ મહત્વના ગણાય છે. આ નાનો દેશ જે યુરોપની મધ્યમાં આવ્યો છે ત્યારે ત્યાં મધ્ય ગુજરાતના ઉદ્યોગ સાહસિકોને રોકાણ માટે મહત્વની તકો રહી છે તેમ સ્વિત્ઝર્લેન્ડના કાઉન્સલ જનરલ ઓથમાર હાર્ડેગરે એફજીઆઇના સભ્યોને સંબોધતા જણાવ્યું હતું.

એફજીઆઇના સભ્યોને સંબોધતા તેમણે જણાવ્યું હતુંકે, આઇટી, ફાર્મા, રિસર્ચ એન્ડ હેલ્થ જેવા સેકટરમાં મૂડીરોકાણની તકો છે. ભારત માટે મહત્વના ટ્રેડિંગ પાર્ટનર તરીકે સ્વિત્ઝર્લેન્ડનું સ્થાન છે. ગુજરાતમાં બિઝનેશ એન્વાયર્મેન્ટ અને બિઝનેસ ક્લસ્ટર સારી રીતે વિકસ્યા છે ત્યારે કેમિકલ અને ટેક્સટાઇલ સેકટરમાં મહત્વની ભાગીદારી થઇ શકે તેમ છે.

તેમણે જણાવ્યું હતુંકે, બોલીવુડની ફિલ્મોના કારણે પણ સ્વિત્ઝર્લેન્ડના પ્રવાસન સ્થળોની ભારતીયોને માહિતી હોય છે. ઈનોવેશન ધરાવતી કંપનીઓ અને એડવાન્સ ટેકનોલોજી ધરાવતી માટે સારી તકો રહી છે. ભારતની ૧૫૦ જેટલી કંપનીઓ પણ સ્વિત્ઝર્લેન્ડમાં છે.



FGI ખાતે સ્વિત્ઝર્લેન્ડના કાઉન્સલ જનરલ ઓથમાર હાર્ડેગરે સોમવારે સંબોધન કર્યું હતું.

---

દિવ્ય ભાસ્કર બુધવાર, 12 જૂન, 2019

FGI ખાતે સ્વિત્ઝર્લેન્ડ કાઉન્સિલ સાથે બેઠક

## સ્વિત્ઝર્લેન્ડ ભારતીય વેપાર માટે યુરોપનાં દ્વાર ખોલે છે

Exam Update

સિટી રિપોર્ટર | વડોદરા

FGI ખાતે વેપારને પ્રોત્સાહન આપવા મુંબઈ ખાતે આવેલ સ્વિઝરલેન્ડના કાઉન્સેલ ઓથમીર હાર્ડગર સોમવારે આવ્યા હતા. જ્યાં તેમણે જણાવ્યું હતું કે, સ્વિત્ઝર્લેન્ડ ભારતીય બિઝનેસ માટે યુરોપનાં દ્વારા ખોલે છે. અગાઉ તેઓ કલ્ચર ઈવેન્ટમાં ભાગ લેવા માટે અમદાવાદ લાવ્યા હતા. ત્યારબાદ ગુજરાતની બીજી મુલાકાત માટે તેઓએ વડોદરાની પસંદગી કરી હતી. બંન્ને દેશોના વ્યાપાર અંગે તેમણે જણાવ્યું હતું કે, કેમિકલ અને ટેક્સટાઈલ ભારતથી સ્વિત્ઝર્લેન્ડ એક્સપોર્ટ કરવામાં આવે છે. સ્વિત્ઝર્લેન્ડ મુંબઈના ત્રીજા ભાગ જેટલી વસ્તી ધરાવે છે. ગત વર્ષે 3,50,000 જેટલા ભારતીય ટૂરીસ્ટ સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાતે ગયા હતા. તેમણે ઉમેર્યું હતું કે, આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સ, બ્લોક ચેઈન ટેકનોલોજી તથા અન્ય અનાજના સમયની જરૂરીયાત પ્રમાણે સ્વિઝ કંપનીઓ કામ કરી રહી છે અને તે દિશામાં તક વિકસાવી રહી છે. સ્વિટ્ઝર્લેન્ડમાં ભારતની 150 જેટલી કંપનીઓ આવેલી છે. 2014થી 2018 સુધીમાં 1.72 બીલીયન ડોલરનું રોકાણ ભારતીય કંપનીઓએ સ્વિટ્ઝર્લેન્ડમાં કર્યું છે. ભારત સ્વિટ્ઝર્લેન્ડમાં રોકાણ સાથે 7માં ક્રમાંક પર છે, જ્યારે સ્વિત્ઝર્લેન્ડ ભારતમાં રોકાણ મામલે 11 માં ક્રમાંક પર છે.

# MEDIA BUZZ

**SANDESH SUNDAY, 23•06•2019**

### સમર્થ ઉદ્યોગ ભારત ૪.૦ દ્વારા FGI ખાતે સેમિનાર

## મેન્યુફેક્ચરિંગ સેક્ટર ચોથી પેઢીની ટેક્નોલોજી અપનાવે

વડોદરા

ભારતમાં એક તરફ મેન્યુફેક્ચરિંગ સેકટરમાં કુશળ માનવ બળની અછત છે અને બીજી તરફ બેરોજગારી વધી રહી છે ત્યારે આઈટીઆઈ દિલ્હી ખાતે ચોથી પેઢીની ટેકનોલોજી અપનાવવા માટે સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ મોડલ બનાવવામાં આવ્યું છે.આ મેન્યુફેક્ચરિંગ મોડલ હેઠળ ઉદ્યોગોના પ્રતિનિધિઓ તથા એન્જિનિયર વિદ્યાર્થીઓને તાલીમ પણ આપવામાં આવે છે તેમ આઈઆઈટી દિલ્હીના પ્રો. સુનિલ ઝાએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતુંકે, આ પ્રોજેક્ટને સમર્થ ઉદ્યોગ ભારત ૪.૦ નામ ... ટેકનોલોજીનો ઉપયોગ કરવા પ્રેરે છે. દિલ્હી ખાતેની સ્વદેશી લેબ રૂ.૧.૨૫ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી છે. જો આવી જ લેબ જર્મનીથી આયાત કરવામાં આવે તો તેની કિંમત રૂ.૧૫ કરોડ થતી હોય છે. જર્મનીમાં પ્રથમ ૨૦૧૫માં આવી લેબ વિકસાવવામાં આવી હતી. ઓટોમોટિવ અને પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રિઝમાં આ મોડલનો ઉપયોગ કરાશે. એફજીઆઈના પ્રમુખ મનોહર ચાવલાએ જણાવ્યું હતું કે, બીજા તબક્કામાં ઓઈલ ગેસ, ફાર્મસી અને ત્યાર બાદના તબક્કામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિફેન્સમાં આ મોડલનો ઉપયોગ ... મધ્ય ગુજરાતના ઘણા ઉદ્યોગો ...નો ઉપયોગ કરવા પ્રેરાયા છે.

---

**શનિવાર ૨૨ જૂન, ૨૦૧૯ લોકસત્તા જનસત્તા**

### વૈશ્વિક સ્પર્ધામાં ટકે એવા ઉદ્યોગો તૈયાર કરાશે

## નવા ભારતના નિર્માણ માટે સમર્થ ઉદ્યોગોને સરકાર પીઠબળ પૂરું પાડશે

### અવેરનેસ પ્રોગ્રામ ઓન ઈન્ડસ્ટ્રીઝ ૪.૦ યોજાયો




વડોદરા, તા.૨૧

વડોદરાના ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ ખાતે ભારત સરકારના હેવી ઈન્ડસ્ટ્રીઝના ઉપક્રમે અવેરનેસ પ્રોગ્રામ ઓન ઈન્ડસ્ટ્રીઝ ૪.૦ યોજાયો હતો. ભારતીય એમએસએમઈ ઉદ્યોગોમાં જૂની ટેકનોલોજીમાં નજીવા ફેરફારો કરીને તેઓને વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહે તેમજ ટક્કર આપી શકે એવા ઉદ્યોગો તૈયાર કરવાને માટે કાર્યક્રમ યોજાયો હતો. ખાસ કરીને નવા ભારતના નિર્માણ માટે સમર્થ ઉદ્યોગોને સરકાર પીઠબળ પૂરું પાડશે એમ સમારોહમાં ઉપસ્થિત પ્રમુખ વક્તાઓએ જણાવ્યું હતું.

સ્માર્ટ, એડવાન્સ, મેન્યુફેક્ચરીંગ અને રેપિડ ટ્રાન્સફોર્મેશન હબ પ્રોજેકટ એટલે કે સમર્થ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાને માટે ભારતીય ઉદ્યોગો ઈન્ડસ્ટ્રી ૪.૦ને અપનાવે એના ઉપર ભાર મુકવામાં આવ્યો હતો તેમજ સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ માટે જાગૃતિ લાવવાની મહત્ત્વતા ઉપસ્થિતોને સમજાવી હતી તેમજ આ માટે કોલોબ્રેશન, નાવિન્યતા અને પ્રોડક્ટિવ ટેકનોલોજી ઉપર ભાર મૂકાયો હતો તેમજ ઉત્પાદકતામાં સીધો ડેટા મેળવીને સમસ્યાઓનું નિરાકરણ લાવવા જણાવ્યું હતું. આ પ્રસંગે એફજીઆઈના પ્રમુખ મનોહર ચાવલા, સિંગ એક્સ ઈન્ડિયાના કન્ટ્રી હેડ બલદીપસિંઘ, આઈઆઈટી દિલ્હીના પ્રો. સુનીલ ઝા, કોમ્યુકેરના સીસીઓ કર્મિત ગોસ્વામી, એઆઈએના ડાયરેકટર અનુપ વાઢવા, રિનો મશીનના એમડી મનીષ કોઠારી, સર્વિલિંકના જગદીશ શુક્લ વગેરેએ પ્રસંગોચીત પ્રેઝન્ટેશન કર્યું હતું. આ સમારોહના અંતમાં એફજીઆઈના સેક્રેટરી નીતિન પટેલે આભારવિધિ કરી હતી.

---

**વડોદરા, શનિવાર, 22 જૂન, 2019 દિવ્ય ભાસ્કર**

### સમર્થ ઉદ્યોગ ભારત 4.0 દ્વારા ટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ

## ક્રાંતિ સર્જવા માટે ઉદ્યમીઓએ સ્વદેશી ટેકનો. લેબ વિકસાવી

### પ્રથમ ટેક લેબ જર્મની દ્વારા 2015માં બનાવાઈ હતી

બિઝનેસ રિપોર્ટર.વડોદરા

સમર્થ ઉદ્યોગ ભારત 4.0 દ્વારા દેશમાં ટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ સર્જવા માટે ઉદ્યમીઓ દ્વારા સ્વદેશી ટેકનોલોજી લેબ વિકસાવવામાં આવી છે. પ્રથમ તબક્કામાં ટેકનોલોજીનો ઉપયોગ ઓટોમેટીવ અને પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝના ઉપયોગમાં કરાશે. ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ દ્વારા શુક્રવારે યોજાયેલ સમર્થ ઉદ્યોગ ભારત 4.0ના વિષય પર યોજાયેલ એક્સપર્ટ ટોક દરમિયાન મિડીયાને જણાવ્યુ હતું.

સમર્થ ઉદ્યોગ ભારત 4.0 માટે બનાવવામાં આવેલી ટેક-લેબની કિંમત 1.25 કરોડ જેટલી થવા પામે છે. જ્યારે આ ટેકનોલોજી વિદેશથી આયાત કરવામાં આવે તો તેની કિંમત 15 કરોડ સુધી પહોંચતી હોય છે. પ્રથમ તબક્કામાં ઓટોમેટીવ અને પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝને સહાય કરવા માટે ઉપયોગમાં લેવાશે.ટેક લેબ પ્રથમ જર્મની દ્વારા 2015માં બનાવાઈ હતી,પરંતુ ભારત પાસે જરૂરી સંસાધનો ન હોવાને કારણે તેનો અહિંયા આવવા માટે વિલંબ થયો હતો.પરંતુ ત્યાર બાદ ઈન્ડસ્ટ્રીઝ અને એકેડમીક ઈન્સ્ટીટ્યુશન સાથે આવીને સ્વદેશી ઉદ્યમીઓ દ્વારા સમર્થ ઉદ્યોગ ભારત 4.0 તૈયાર કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં ભારતમાં જ સારી તકોનું સર્જન થશે જેને કારણે વિદેશ જતા ભારતીયોની સંખ્યામાં ઘટાડો થશે. પ્રથમ તબક્કામાં ઓટોમેટીવ ઈન્ડસ્ટ્રીઝ તથા પ્લાસ્ટીક ઉદ્યોગોને અનુરૂપ કામગીરી ટેકલેબમાં કરવામાં આવે છે. બીજા તબક્કામાં ઓઈલ-ગેસ તથા ફાર્માસ્યુટીકલ્સ ઈન્ડસ્ટ્રીઝને અનુરૂપ કામગીરી કરાશે અને ત્રીજા તબક્કામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિફેન્ડને અનુરૂપ કામગીરી કરાશે.

---

**ગુજરાત સમાચાર**

**મંગળવાર, તા. ૧૧ જૂન, ૨૦૧૯**

### સ્વિત્ઝરલેન્ડમાં ૧૫૦ ભારતીય કંપનીઓ કાર્યરત

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,સોમવાર

સ્વિત્ઝરલેન્ડના ભારત ખાતેના કોન્સુલ જનરલ ઓથમર હાર્ડેગર આજે વડોદરા આવ્યા હતા અને એફજીઆઈ ખાતે વડોદરાના બિઝનેસમેનો સાથે ચર્ચા કરી હતી. તે પહેલા તેઓએ પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું કે સ્વિત્ઝરલેન્ડમાં હાલમાં ૧૫૦ ભારતીય કંપનીઓ કાર્યરત છે. સ્વિત્ઝરલેન્ડ સેન્ટ્રલ યુરોપમાં છે માટે ભારતીય ઉદ્યોગ સાહસિકો માટે યુરોપના દ્વારા ખોલી આપે છે. અમે ભારતમાંથી મુખ્યત્વે કાપડ અને કેમિકલની આયાત કરીએ છીએ. ગત વર્ષે ભારતમાંથી ૩.૫૦ લાખ પ્રવાસીઓ ભારતમાં આવ્યા હતા.

# MEDIA BUZZ

શનિવાર, તા. ૨૨ જૂન, ૨૦૧૯ ગુજરાત સમાચાર

## વડોદરા

**એફજીઆઈમાં ઈન્ડસ્ટ્રી માટે અવેરનેસ પ્રોગ્રામ યોજાયો**

### સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ માટે સ્કિલ્ડ વર્ક ફોર્સની જરુરિયાત મોટો પડકાર

વડોદરા,શુક્રવાર

ભારતમાં એક તરફ બેરોજગારી છે પણ બીજી તરફ એવી પણ સ્થિતિ છે કે,મેન્યુફેક્ચરિંગ સેક્ટરના ઉદ્યોગોને તેમની જરુરિયાત પ્રમાણેના સ્કિલ્ડ વર્કર મળતા નથી.ભારતના મેન્યુફેક્ચરિંગ સામે આ સૌથી મોટો પડકાર છે તેવુ મંતવ્ય આજે ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝમાં યોજાયેલા એક અવેરનેસ પ્રોગ્રામમાં વ્યક્ત થયુ હતુ.

### સરકાર અને આઈઆઈટી દ્વારા સ્માર્ટ મેન્યુફેક્ચરિંગની ઉદ્યોગોને સમજ આપવા માટે મોડેલ તૈયાર કરાયુ

આજે પત્રકારો સાથે વાતચીતમાં આઆઈટી દિલ્હીના અધ્યાપક સુનિલ ઝા,એફજીઆઈના ચેરમેન મનોહર ચાલવા,ઓટોમેશન ઈન્ડસ્ટ્રી એસોસિએશનના અનુપ વાધવા વગેરેએ કહ્યુ હતુ કે, ભારતમાં પણ હવે મેન્યુફેક્ચરિંગ સેક્ટરને ચોથી પેઢીની ટેકનોલોજી અપનાવવાનો સમય આવી ગયો છે.

જેના થકી મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગો તેમજ એન્જિનિયરિંગનુ અને ટેકનોલોજિકલ શિક્ષણ આપતી દેશની શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓને પણ તાલીમ આપવામાં આવશે.આ પ્રોજેક્ટને સમર્થ ઉદ્યોગ ભારત ૪.૦ નામ અપાયુ છે.

તેમનુ કહેવુ હતુ કે, આ મોડેલ થકી મેન્યુફેક્ચરિંગ સેક્ટરને સ્માર્ટ

---

SANDESH WEDNESDAY, 3•07•2019

**બોગસ બિલિંગ દ્વારા કૌભાંડ કરનારા લોકોને તંત્ર છોડશે નહિં : મહેતા**

### GSTનાં અમલમાં ૭૧૦ દિવસમાં ૭૦૦ ફેરફારો : આર. જી. હદવાણી

**એફજીઆઈ ખાતે જીએસટી અમલના ૨ વર્ષ નિમિત્તે સેમિનાર યોજાયો**

। વડોદરા ।

એક દેશ એક કર - જીએસટીના અમલને ગઈકાલે ૨ વર્ષ પૂરા થયા છે ત્યારે જીએસટી કાઉન્સિલ દ્વારા ૭૧૦ દિવસમાં ૭૦૦ ફેરફારો જાહેરનામા, પરિપત્રો અને કાયદા દ્વારા કરવામાં આવ્યા છે.આ ફેરફારો ભારતમાં વ્યાપાર ઉદ્યોગો મ્માટે ઈઝ ઓફ ડુઈંગ માટે કરવામાં આવ્યા છે. સરકાર કરદાતાઓની મુશ્કેલીઓ દૂર કરવા માટે સતત નિર્ણયો લે છે તે આ ફેરફારો દ્વારા બહાર આવ્યું છે તેમ સ્ટેટ જીએસટીના જોઈન્ટ કમિશનર આર.જી.હદવાણીએ આજે એફજીઆઈ ખાતે જીએસટી ૨ વર્ષના અમલ અંગેના સેમિનારમાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતુંકે, વેપારીઓ તેમના સાચા ઈમેઈલ અને મોબાઈલ નંબર તંત્રને આપે તો તેમને કોઈ મુશ્કેલી નહિ રહે.જીએસટીના અધિકારીઓને વેપારીઓ - કંપનીઓ ખાતે તપાસમાં જવું ન પડે તેવી સ્થિતિ નિવારવી જોઈએ. જીએસટીનો અમલ ફેસલેસ રહે તેમ અમે ઈચ્છીએ છીએ. બોગસ બિલિંગ કરનારાઓ વેપાર - ઉદ્યોગના જ પૈસા ઓળવી લેતા હોય છે ત્યારે આવા તત્વો સાથે વ્યવહાર ન કરવો જોઈએ.

સી જીએસટી નાવડોદરા ઝોનના ચીફ કમિશનર અશોક કુમાર મહેતાએ જણાવ્યું હતુંકે, બોગસ બિલિંગ દ્વારા જીએસટી ચોરી કરનારા ૩ થી ૫ ટકા લોકોને તંત્ર ઝડપી પાડશે. વડોદરાની જ લિસ્ટેડ કંપની મનપસંદ બેવરેજીસના નામનો સીધો ઉલ્લેખ કર્યા વિના તેમણે જણાવ્યું હતુંકે, આ કંપનીના કૌભાંડી ૩ ડિરેકટરોની ધરપકડ કરવામાં આવી છે.

વેપાર - ઉદ્યોગ જ દેશના વિકાસના મુખ્ય ભાગીદાર છે. ઓટો અને ફાર્મા સેકટર હાલમાં વધુ સારો દેખાવ નહિ કરે તેવી વાત કહેવાય છે ત્યારે ભારતીય ઉદ્યોગોએ ભૂતકાળમાં મંદીનો સફળતાથી સામનો કર્યો છે તે ઉદાહરણ જોવું જરૂરી છે. રૂ.૧ લાખ કરોડની આવક આપતા ૨ વર્ષના બાળકનો વિકાસ સારી રીતે થશે તે નક્કી છે. દરેક શંકાસ્પદ વ્યવહારનું ડેટા એનાલિસીસ કરવામાં આવે છે, સુપ્રીમ કોર્ટ પણ કૌભાંડ કરનારાઓની એફઆઈઆર વિના ધરપકડને મંજૂરી આપી છે. સાથે સાથે પ્રમાણિક કરદાતાઓએ ચિંતા કરવાની જરૂર નથી.

આ કાર્યક્રમમાં સીજીએસટીના જોઈન્ટ કમિશનર શંખેશ મહેતા, વિજય પરફ્યુમરી વર્કસના મુરલીધર પરનામી, સુપ્રિટેન્ડન્ટ સંજય સારસ્વતે પણ માહિતી આપી હતી. જ્યારે પ્રારંભમાં આવકાર પ્રવચન એફજીઆઈના પ્રમુખ મનોહર ચાવલાએ કર્યું હતું. જીએસટીના પ્રિન્સીપલ કમિશનર અજય ઉબલે , સ્ટેટ જીએસટીના જોઈન્ટ કમિશનર સી.બી.પટેલ વગેરેએ હાજરી આપી હતી.

**રાજ્યોમાં ઇ વે બિલ કમ્પ્લાયન્સના નિયમો એક સમાન બનાવો**

રાજ્યોમાં ઇ વે બીલ કમ્પાલયન્સ નિયમો હજી એક સમાન નથી, તે સમાન બનાવવા જરૂરી છે. બીજી તરફ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ જે પ્લાન્ટ અને બિલ્ડિંગ ઉભા કરવા માટે ખર્ચ કરે છે તેની ઇનપુટ ટેક્સ ક્રેડિટ મળવી જોઇએ. આ માડે જીએસટી કાઉન્સિલે નિર્ણય લેવો જોઇએ. બિઝનેશ ટ્રીપ માટે અન્ય રાજ્યની હોટલમાં રહો તો ઉદ્યોગ સંચાલકને આઇજીએસટી મળવી જોઇએ. જીએસટીને મોસ્ટ ઇન્કલુઝિવ ટેક્સ સિસ્ટમ તરીકે તેમણે ઓળખી હતી. સરકારે કેટલીક ચીજ વસ્તુ - સેવા પરના ટેક્સના સ્લેબ ઘટાડ્યા છતાં આવક યોગ્ય રીતે મળે છે તે ડિસ્કાઉન્ટ પછીની યોગ્ય આવક ગણી શકાય. આપણે પ્રમાણિક અને દેશભક્ત કરદાતા બનવું જોઇએ. ડો.અજય રાંકા, સીઇઓ, ઝાયડેક્સ ઇન્ડ.

**GST કાઉન્સિલની દરેક બેઠક મિની બજેટ જેવી ગણીએ છીએ**

જીએસટી કાઉન્સિલની બેઠકને અમે મિની બજેટ તરીકે ગણીએ છીએ. દરેક બેઠક બાદ તાત્કાલિક અસરથી સંખ્યાબંધ નિયમો, જાહેરનામા અને કાયદામાં સુધારા થાય છે. જીએસટીઆર -૧ અને જીએસટીઆર -૩ને ઇન્ટરલિંક કરવા જોઇએ. આ ઇન્ટરલિંક કરવામાં આવ્યા નથી તેથી વેપારીઓને - ઉદ્યોગોને નોટિસ મળે છે.નોટિસમાં આપવામાં આવતાં આંકડાઓ પણ ભૂલવાળા હોવાથી ઇનવોઇસ મેચિંગના પ્રશ્નો રહે છે. સત્તાવાર ઇ મેઇસ આઇડીથી અને ડીજીટલી સાઇન ધરાવતી નોટિસ મોકલવી જોઇએ.આગામી સમયમાં ઓડિટની કાર્યવાહી તંત્ર શરૂ કરશે ત્યારે પ્રોસિજર લેપ્સના કિસ્સાઓ પણ ધ્યાનમાં રાખવા જરૂરી છે. વેપારીઓએ પણ તેમના રેકોર્ડ યોગ્ય રીતે રાખવા જરૂરી છે. - અભય દેસાઇ, CA

**પેટ્રોલિયમ અને ઇલેક્ટ્રિસિટીનો જીએસટીમાં સમાવેશ કરો**

MNC કંપનીઓને જીએસટીના અમલ બાદ રાહત થઇ છે. ૧૪ના બદલે એક જ ટેક્સ ભરવો પડે છે. ઇ વે બીલના અમલથી લોજિસ્ટિકમાં સરળતા રહી છે. વિદેશમાં માલ નિકાસ કરવામાં પણ હવે સરળતા રહે છે. ચીન સાથે સ્પર્ધા કરવા માટે નિર્ણય લેવામાં સરળતા રહે છે. જોકે પેટ્રોલિયમ અને ઇલેક્ટ્રિસિટીનો સમાવેશ જીએસટીમાં કરવો જોઇએ.રેટિંગ સિસ્ટમ પણ અમલી બનાવવી જોઇએ. ઓનલાઇન રિફંડના અમલથી ... આરએફઆઇડી સીલ અગાઉ ... સાથે કોઇ જ જાતના ચેડાં થતા ...

---

લોકસત્તા જનસત્તા શનિવાર ૬ જુલાઇ, ૨૦૧૯

### ઉદ્યોગોની અપેક્ષા બજેટમાં નજરઅંદાજ કરાઈ : મનોહર ચાવલા

લોકસભામાં કેન્દ્રિય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલ બજેટથી લઘુ અને મધ્યમ ઉદ્યોગોની અપેક્ષા નજરઅંદાજ કરાતાં જાણે કે ક્રમમાં સરી પડયા હોય એવી લાગણી ઉદ્યોગકારોમાં જોવા મળી હતી. જો કે, તેમ છતાં ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ દ્વારા બજેટને ૧૦માંથી ૮ અંક આપવામાં આવ્યા છે. જો કે, ઉદ્યોગોની અપેક્ષા મુજબનું બજેટ નથી તેમ છતાં તેઓએ એકંદરે બેલેન્સ બજેટ લેખાવ્યું છે. તેની પાછળનું મુખ્ય કારણ ગ્રામ્ય, ગરીબ અને ખેડૂત વર્ગનું બજેટમાં ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હોવાનું ઉમેર્યુ હતું. આ બજેટમાં લઘુ અને મધ્યમ વર્ગના એમએસએમઈ ઉદ્યોગોની માગ પૂરી કરાઈ હોત તો રોજગારીની તકો વધી હોત! કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાને આવકાર્યો હતો. આ ઉપરાંત પરેશ સરૈયા, અભિષેક ગંગવાલ, ભરત શાહ, સીએ સંજીવ શાહ, એફજીઆઈના સેક્રેટરી જનરલ નિતેષ પટેલ વગેરેએ પ્રત્યાઘાત આપતાં જણાવ્યું હતું કે, સ્મોલ સ્કેલ ઉદ્યોગોની આશા ઠગારી નીવડી છે. પરંતુ ઈન્વેસ્ટમેન્ટ અને એક્સપોર્ટના મામલે બજેટમાં દર્શાવવા છતાં સ્પષ્ટતા કરાઈ નથી. ૨૫૦ કરોડના ટર્નઓવરવાળી કંપનીઓ ઉપર ૨૫ ટકા કોર્પોરેટ ટેક્સ હતો એ મર્યાદા ૪૦૦ કરોડની કરાતાં ૯૯ ટકા ઉદ્યોગોને ફાયદો થશે. જ્યારે પેટ્રોલ-ડીઝલમાં પ્રતિલિટરે એક રૂપિયાના વધારાથી ટ્રાન્સપોર્ટેશન મોંઘું બનશે. ડિજિટલ પેમેન્ટના પ્રોત્સાહનને લઈને રોકડની લેવડદેવડ પર રોક લગાવવાની સૌથી વધુ અસર રિયલ એસ્ટેટ ઉદ્યોગ પર પડશે એવું મંતવ્ય વ્યક્ત કર્યુ હતું. ઈ-એસેસમેન્ટ સાચા ટેક્સ પેપર માટે આશીર્વાદરૂપ બને. વધુ ઈન્કમવાળા ઉપરનો વધારો યોગ્ય નથી. પરંતુ બજેટ પ્રધાનમંત્રીના મિશન માટે યોગ્ય છે. સારા બજેટમાં મહત્ત્વના ફેરફારો ક્રમશઃ થાય, એકસાથે ન થાય. પાન-આધાર ઈન્ટરચેન્જેબલ, ઈઝી ટેક્સ ફાઈલિંગ, પાંચ કરોડથી વધુ ટર્નઓવરવાળી કંપનીનું ક્વાર્ટરલી ફાઈલિંગ જેવી ઘણી સારી બાબતો બજેટમાં છે એમ અગ્રણીઓએ ઉમેર્યુ હતું.

---

બુધવાર ૩ જુલાઇ, ૨૦૧૯ 03

**ક્રાંતિકારી જીએસટીની બે વર્ષની એફજીઆઈમાં સેશન યોજાઈ**

## જીએસટીની મોટાભાગની અડચણો બે વર્ષમાં ઉકેલાઈ ગઈ : ચીફ કમિશનર

**ઉદ્યોગોના વિચારો અને અભિપ્રાયોની મુક્તમને ચર્ચા-વિચારણા કરાઈ**






વડોદરા, તા.૨

ક્રાંતિકારી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની બે વર્ષની સફરની ઉજવણી નિમિત્તે એફજીઆઈમાં સેશન યોજાઈ હતી. જેમાં મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેલા વડોદરા ઝોનના જીએસટીના ચીફ કમિશનર અશોકકુમાર મહેતાએ જણાવ્યું હતું કે, જીએસટીની બે વર્ષની સફરમાં તબક્કાવાર ઉપસ્થિત થયેલી મોટાભાગની અડચણોને ઉકેલી દેવામાં આવી છે. આ સેશનમાં ઉદ્યોગોના વિચારો અને અભિપ્રાયોની મુક્તમને ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કવિહૃદય ચીફ કમિશનર અશોકકુમાર મહેતાએ ઉપસ્થિત ઉદ્યોગકારો અને પ્રતિનિધિઓને સંબોધતાં જણાવ્યું હતું કે, બે વર્ષની જીએસટીની સફરમાં જીએસટી કાઉન્સિલ ચમકવા લાગ્યું છે. અડચણરૂપ કે વિવાદાસ્પદ નોટિફિકેશનોને દૂર કરવામાં આવ્યા છે, જેથી જીએસટીની કામગીરી સરળ બને. જો કે, આ ટૂંકી બાળ સફરમાં કરવેરો ચૂકવનારા અને અધિકારીઓ બંને સામે ઘણા પડકારો આવ્યા છે. આ પડકારોમાં મુખ્યત્વે ઈન્ટરનેટ પોર્ટલ, ડિજિટલ લિટરસી અને મલ્ટિપ્લિકેશનને લઈને ઉપસ્થિત થયા હતા, જેના કારણે પ્રથમ વર્ષે ઘણી સમસ્યાઓ ઊભી થઈ હતી. જેથી વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને આવી સમસ્યાઓનો સમયસર નિકાલ કરવામાં તંત્ર સફળ રહ્યું છે. ઈ-વેબિલ એક સ્થળથી બીજા સ્થળે મોકલાતાં માલને સુનિશ્ચિત કરે છે. જીએસટીના ડિજિટલાઈઝેશનને લઈને કામગીરીની શારીરિક કસરતો ઘણી વધ્યાનું જણાવ્યું હતું. તેઓએ ઉમેર્યુ હતું કે, જીએસટી વિભાગ માટે સૌથી મોટો પડકાર ફેક બિલો (બોગસ બિલો) પકડવા માટેનો છે. આ તપાસમાં એક ટકો ચોરી કરનારને લઈને ૯૯ ટકા પ્રામાણિકો હેરાન થાય છે.

આ સંજોગોમાં સમસ્યાઓ બાબતે જાણકાર રહેવાનું અને એને શોધવાની કપરી કામગીરી છે. જેમ જેમ જીએસટીમાં નવી સમસ્યાઓ પ્રકાશમાં આવે છે તેમ તેમ એમાં ફેરફારો કરાતાં જીએસટીનો નવો લૂક જોવા મળે છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અભય દેસાઈએ પ્રોફેશનલ વ્યૂ આપતાં જણાવ્યું હતું કે, જીએસટીમાં અનેક પડકારો છે. રેકોર્ડને યોગ્ય રીતે રાખવો, દસ્તાવેજો સાચવવા, પ્રામાણિકતા દાખવવી સહિતના પડકારો વિશે સમજ આપી ઉદાહરણ સહ 'હેપીનેસ બિયોન્ડ યુ' સૂત્રની સમજ આપી હતી. તેઓએ દિવસના ઢગલાબંધ નોટિફિકેશનો, સુધારા-વધારા સહિતની માનસિક કસરત કરાવતી કાર્યવાહી ધરે એ માટે અનુઓધ કર્યો હતો. નવા કાયદાની સમસ્યાઓ ઉપર પણ પ્રકાશ પાડયો હતો. તેની સાથોસાથ નવા રિટર્ન ફાઈલિંગની પ્રક્રિયા સરળ બને એ માટે અનુરોધ કર્યો હતો. વડોદરા જીએસટીના સુપ્રિન્ટેન્ડેન્ટ સંજય શ્રીવાસ્તવે જીએસટીમાં રિવિઝનનું કોઈ પ્રોવિઝન નથી એમ જણાવી સતર્કતાપૂર્વક જીએસટીની કામગીરી કરવા જણાવ્યું હતું તેમજ જે પ્રશ્નો ઉદ્ભવે છે એમાં ૩૧ ટકા ગુડ્સ એન્ડ સર્વિસના કલાસિફિકેશનના ૨૭ ટકા સપ્લાયરની ટેક્સેબિલિટીના અને ૧૦ ટકા આઈટીસીને લગતા જોવા મળે છે. દેશમાં પ્રતિમાસ અંદાજે એક કરોડ જેટલા ઈ-વેબિલ બને છે, જે પૈકી ૬૦ ટકા ઈન્ટરસ્ટેટ ટ્રાન્સપોર્ટેશન ઓફ ગુડ્સના હોય છે. આ પ્રસંગે સ્ટેટ જીએસટીના જોઈન્ટ કમિશનર આર.જી.હુડવાણી, ઝાડડેક્સના સીઈઓ ડો. અજય રાંકા, ગુલ બ્રાન્ડસેન કેમિકલ્સના અમિત વર્મા, જીએસટીના જોઈન્ટ કમિશનર સંખેશ મહેતા, વિજય પરફ્યુમરીના મુરલીધર પરનામી વગેરેએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન એફજીઆઈના પ્રમુખ મનોહર ચાવલાએ કર્યુ હતું. જ્યારે કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી નીતિન પટેલે કર્યુ હતું.

# MEDIA BUZZ

**૨ ગુજરાત સમાચાર (વડોદરા આવૃત્તિ)** — બુધવાર, તા.૩ જુલાઈ, ૨૦૧૯

કાયદાને સરળ બનાવવા સતત બદલાવ કરાય છે

## જીએસટીનો અમલ થયાના ૭૧૦ દિવસમાં ૭૦૦ સુધારા કરાયા છે

વડોદરા,મંગળવાર ઉદ્યોગપતિઓ અને વ્યવસાયિકોને સરળતા રહે તે માટે જીએસટીનો અમલ થયા બાદ અત્યાર સુધીના ૭૧૦ દિવસમાં જીએસટીના કાયદામાં ૭૦૦ જેટલા ફેરફારો કરવામાં આવ્યા છે.

### ઘણા લોકોએ રજિસ્ટ્રેશન વખતે બીજાના ફોન નંબર અને ઈ-મેઈલ આપવાથી પણ સમસ્યા સર્જાઈ રહી છે

જીએસટીના અમલને બે વર્ષ પુરા થવા નિમિત્તે ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ દ્વારા જીએસટીના વડોદરા ઝોનના અધિકારીઓ સાથે ઉદ્યોગપતિઓના એ વાર્તાલાપનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં સ્ટેટ જીએસટીના જોઈન્ટ કમિશ્નર આર જી હદવાણીએ ઉપરોક્ત વાત કરી હતી.તેમનુ કહેવુ હતુ કે, બે વર્ષ દરમિયાન વેપારીઓને અને ઉદ્યોગોને સરળતા રહે તે માટે કાયદામાં સતત ફેરફારો કરવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યુ હતુ કે, હાલમાં જીએસટીના અમલીકરણમાં એક સમસ્યા એવી આવી રહી છે કે, રજિસ્ટ્રેશન કરાવતી વખતે ઘણાએ બીજા કોઈના ઈમેઈલ અને મોબાઈલ નંબર આપ્યા છે.જેના કારણે જીએસટી કચેરી દ્વારા મોકલવામાં આવતી નોટિસો કે બીજી એનાઉન્સમેન્ટ ઘણા લોકો સુધી પહોંચતી નથી.એ પછી જીએસટી કચેરી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવે તો લોકો બૂમો પાડે છે કે, અમને તો આ બાબતની જાણ નહોતી.માટે રજિસ્ટ્રેશન કરાવનારાઓએ પોતાનુ જ ઈમેઈલ એડ્રેસ અને ફોન નંબર આપવા જરુરી છે અને સાથે સાથે ઈમેઈલ પણ સમયાંતરે ચેક કરતા રહેવુ જોઈએ.

**જીએસટી વિભાગની નોટિસો યોગ્ય ફોર્મેટમાં નથી હોતી**

સીએ અભય દેસાઈનુ કહેવુ હતુ કે, બે વર્ષમાં ઉદ્યોગો પરનુ બર્ડન ઘટ્યુ છે પણ ઉદ્યોગોએ ડોક્યુમેન્ટેશન બરાબર રીતે કરવાની જરુર છે.ઉપરાંત જીએસટી વિભાગ જે નોટિસો મોકલે છે તે યોગ્ય ફોર્મેટમાં નથી હોતી.નોટિસ પર ડિજિટલ સહી હોવી પણ જરુરી છે.

**ટ્રાન્સપોર્ટેશન ઝડપી બન્યું છે**

ઉદ્યોગપતિ અજય રાન્કાએ સૂચન કરતા કહ્યુ હતુ કે, હજી પણ કેટલીક બાબતોમાં ઈનપુટ ક્રેડિટ નથી મળતી.જેમ કે ફેક્ટરીના બાંધકામમાં ઈનપુટ ક્રેડિટ નથી આપવામાં આવતી.જોકે આવી કેટલીક બાબતોને બાદ કરવામાં આવે તો જીએસટીના કારણે ઉદ્યોગો પરનુ બર્ડન ઓછુ થયુ છે.મટિરિયલનુ ટ્રાન્સપોર્ટેશન વધારે ઝડપી બન્યુ છે.હવે પહેલા કરતા વધારે ઝડપથી રિટર્ન મળે છે.

બોગસ ઈનવોઈસનું કૌભાંડ કરનારા છટકી નહી શકે

### જીએસટી વિભાગમાં દરેક સ્તરે ડેટાની ચકાસણી થાય છે

સેન્ટ્રલ જીએસટીના વડોદરા ઝોનના ચીફ કમિશ્નર અશોક કુમાર મહેતાના જણાવ્યા પ્રમાણે બે ચાર ટકા લોકો બોગસ ઈનવોઈસ બનાવીને ઈનપુટ ક્રેડિટ લેવાનુ કૌભાંડ આચરી રહ્યા છે પણ એક વાત જણાવવી જરુરી છે કે, ડિપાર્ટમેન્ટ સતર્ક છે.દરેક સ્તરે ડેટાની ચકાસણી કરવાની અમારી પાસે વ્યવસ્થા છે.જેના કારણે જ આવા કૌભાંડો પકડાઈ રહ્યા છે.જે લોકો આવા કૌભાંડો આચરે છે તેમણે ડરવાની જરુર છે.

તેમણે કહ્યુ હતુ કે, જીએસટી સરકાર માટે કમાઉ દીકરો છે.કારણકે દર મહિને સરકારને તેમાંથી એક લાખ કરોડ રુપિયાની આવક થાય છે.જીએસટી માટે હું અપીલ કરુ છું કે, જો કોઈને સમસ્યા હોય તો સમસ્યાની સાથે સાથે તેના ઉપાયોનુ પણ અમને સૂચન કરે.અમે દરેક ફરિયાદ જીએસટી કાઉન્સિલ સુધી પહોંચાડીશું.

અશોક કુમાર મહેતાએ કહ્યુ હતુ કે, ભારતના ઉદ્યોગોએ તકલીફો વચ્ચે પણ પોતાનુ અસ્તિત્વ ટકાવીને પ્રગતિ કરી છે.તેમણે ગુજરાતની પણ પ્રશંસા કરતા કહ્યુ હતુ કે, ગુજરાતમાં મોટાભાગના ઉદ્યોગો નિયમિત રીતે ટેક્સ રિટર્ન ફાઈલ કરે છે.

**જીએસટી સરકારનો કમાઉ દીકરો છે, દર મહિને એક લાખ કરોડની કમાણી કરાવે છે**

**એક સપ્તાહમાં રિફંડ મળતું થયું છે**

મલ્ટિનેશનલ કંપનીના મેનેજર અમિત વર્માનુ કહેવુ હતુ કે, હવે ઓનલાઈન રિફંડ માટે એક સપ્તાહનો સમય લાગે છે.એક્સપોર્ટ કરતી કંપનીઓ માટે એક્સપોર્ટ કરવાનુ પણ સરળ બન્યુ છે.જીએસટીનો કાયદો ભારતને અર્થતંત્રને નવી દિશા આપી શકે તેવો છે.

**પહેલી વખત ટેક્સનું માર્કેટિંગ કોમોડિટી તરીકે કરાયું**

જીએસટીના જોઈન્ટ કમિશ્નર સંખેશ મહેતાના કહેવા પ્રમાણે પહેલી વખત કોઈ ટેક્સનુ માર્કેટિંગ એક કોમોડિટી તરીકે થયુ છે.જેના કારણે લોકોએ હવે આ સિસ્ટમને સ્વીકારી છે.

---

**ગુજરાત સમાચાર** શનિવાર, તા. ૬ જુલાઈ, ૨૦૧૯

રૂા.૪૦૦ કરોડના ટર્નઓવર સુધી ૨૫ ટકા ટેકસ લાગુ થતા

## મધ્ય ગુજરાતના સંખ્યાબંધ ઉદ્યોગોને ટેક્સમાં ફાયદો થશે

વડોદરા,શુક્રવાર મોદી સરકારની બીજી ઈનિંગમાં નાણા મંત્રી નિર્મલા સિતારમને રજૂ કરેલા પહેલા બજેટ અંગે ઉદ્યોગ જગતના સંગઠન ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝના હોદ્દેદારોએ પ્રતિભાવ આપ્યા હતા.તેમણે સરકારના બજેટમાં તમામ વર્ગોનુ ધ્યાન રખાયુ હોવાનુ કહીને આ બજેટને ૧૦માંથી ૭.૫ માર્ક આપ્યા હતા.

### બજેટમાં તમામ વર્ગોનુ ધ્યાન રખાયું હોવાનો મત ઉદ્યોગ જગતે બજેટને ૧૦માંથી ૭.૫ માર્કસ આપ્ય

તેમનુ કહેવુ હતુ કે, અગાઉ ૨૫૦ કરોડનુ ટર્નઓવર ધરાવતા ઉદ્યોગોને ૨૫ ટકા ટેક્સ ભરવો પડતો હતો.હવે ૪૦૦ કરોડ રુપિયા સુધીનુ ટર્ન ઓવર ધરાવતા ઉદ્યોગો પર પણ ટેક્સ ઘટાડીને ૨૫ ટકા કરવાની જાહેરાતથી મધ્ય ગુજરાતના સેંકડો ઉદ્યોગોને તેનો ફાયદો મળશે.ઉલ્લેખનીય છે કે, મધ્ય ગુજરાતમાં વડોદરા,ભરુચ, પંચમહાલ સહિતના વિસ્તારોમાં ૨૫૦૦૦ જેટલા ઉદ્યોગો સરકારમાં રજિસ્ટર થયેલા છે.

સાથે સાથે તેમણે કહ્યુ હતુ કે, વડોદરા અને તેની આસપાસના કેમિકલ, ફાર્માસ્યુટિકલ અને ઈલેક્ટ્રિકલ મેન્યુફેક્ચરિંગ કરતા ઉદ્યોગોને ફાયદો થાય તેવી કોઈ વિશેષ જાહેરાત બજેટમાં જોવા મળી નથી.ઉદ્યોગોને બજેટ પ્રત્યે જે બીજી અપેક્ષા હતી તેનો ઉલ્લેખ જોવા મળ્યો નથી.

**૭૫૦૦૦ સ્કિલ સેન્ટરથી યુવાનોને ફાયદો થશે**

કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રિઝના ગુજરાતના પૂર્વ ચેરમેન અતુલ ગર્ગના મતે સરકાર ૭૫૦૦૦ સ્કિલ સેન્ટરો થકી ૧૮ બિઝનેસ ઈનક્યુબેટર અને ૨૦ ટેક ઈક્યુબેટર સ્થાપિત કરવા જઈ રહી છે.જેનો ફાયદો વડોદરાના યુવાઓને પણ મળશે.

**પેટ્રોલ-ડિઝલ પર સેસથી ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ વધશે**

એફજીઆઈના પ્રમુખ મનોહર ચાવલાનુ કહેવુ હતુ કે, પેટ્રોલ-ડિઝલ પર પ્રતિ લિટર એક રુપિયા ટેક્સ વધારવામાં આવ્યો છે.તેના કારણે ટ્રાન્સપોર્ટેશન કોસ્ટમાં થોડો વધારો થશે.સરકારે જે જાહેરાતો કરી છે તે જોતા ગ્રામ્ય વિસ્તારના અર્થતંત્રને વેગ મળશે તેમ લાગે છે.ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા સરકારે સારા પગલા લીધા છે.

**વિખવાદોનો ઉકેલ લાવવા માટે ટાઈમ લિમિટ નક્કી થશે**

એફજીઆઈના જનરલ સેક્રેટરી નિતેશ પટેલના કહેવા પ્રમાણે કંપનીઓ અને સરકારના વિવિધ વિભાગો વચ્ચે રીફંડથી માંડીને અપીલને લઈને જે પણ કાયદાકીય વિખવાદો ચાલે છે તેનો ઉકેલ ચોક્કસ સમયમર્યાદામાં લાવવા માટે નાણામંત્રીએ બજેટમાં ઈશારો કર્યો છે.જોકે તેની સમયમર્યાદા જાહેર કરાઈ નથી.ઈન્ડસ્ટ્રિઝ દ્વારા આ મુદ્દે નાણામંત્રીને રજૂઆત કરાઈ હતી.

**પહેલી વખત ઈઝ ઓફ લિવિંગ પર ધ્યાન અપાયુ છે**

કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રિઝના સેન્ટ્રલ ગુજરાત ઝોનલ કાઉન્સિલના ચેરમેન જ્યોર્જ સ્પરશુહનુ કહેવુ હતુ કે, સરકારે લોકોના ઈઝ ઓફ લિવિંગ પર પણ બજેટમાં ધ્યાન આપ્યુ છે.પાન અથવા આધાર કાર્ડ બેમાંથી એક કાર્ડ ચાલશે તેવી જાહેરાતથી લોકોને રાહત મળી છે.ભાડૂઆત એક્ટમાં પણ સરકાર સુધારો કરવા જઈ રહી છે.

**ઈ વ્હિકલના ઉપયોગને પ્રોત્સાહન આપવાની નીતિ**

એફજીઆઈના પૂર્વ પ્રમુખ ગીતા ગોરડિયાનુ કહેવુ હતુ કે, સરકારે ઈ વ્હિકલના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો સંકેત બજેટમાં આપ્યો છે તે સારી વાત છે.મીડિયા, ઈન્સ્યોરન્સ અને એવિએશન સેક્ટરમાં એફડીઆઈની મર્યાદા વધારવાથી નવુ ઈન્વેસ્ટમેન્ટ આવશે.જોકે ૨ કરોડથી ઉપરની આવક ધરાવનારાઓ પર ટેક્સ વધારવાનો નિર્ણય નિરાશાજનક છે.

**એકસપોર્ટ માટે ઉદ્યોગોને પ્રોત્સાહિત નથી કરાયા**

એફજીઆઈના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ પરેશ સરૈયાના મતે મધ્યમ અને લઘુ કદના ઉદ્યોગોને એક્સપોર્ટ માટે સરકાર તરફથી પ્રોત્સાહન મળે તેવી આશા હતી.જોકે એવી જાહેરાત બજેટમાં જોવા મળી નથી.૨ કરોડથી વધુ આવકવાળા લોકો પરનો ટેક્સ વધારવાથી ઉદ્યોગપતિઓમાં નારાજગી જોવા મળશે.સરકારે બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સારી એવી જોગવાઈ કરી છે.જો સરકારે જાહેર કરેલી યોજનાઓ અસરકારક રીતે લોન્ચ થાય તો રોજગારી વધશે.

**બજેટમાં હેલ્થકેર સેક્ટરનો ખાસ ઉલ્લેખ નથી**

એફજીઆઈના વાઈસ પ્રેસિડેન્ટ અભિષેક ગંગવાલના કહેવા પ્રમાણે ગોલ્ડ પર ડ્યુટી વધવાથી બહુ ફરક નહી પડે.કારણકે યંગ જનરેશનમાં ગોલ્ડનુ મહત્વ ઓછુ થઈ રહ્યુ છે.લેબર લૉમાં સુધારા માટે નાણામંત્રીએ જાહેરાત કરી છે પણ તેનો વધારે અભ્યાસ કર્યા બાદ જ ખ્યાલ આવશે.જોકે બજેટમાં હેલ્થકેરનો ખાસ ઉલ્લેખ નથી.

**ઈ-એસેસમેન્ટના કારણે આઈટી ઓફિસના ધક્કા ઓછા થશે**

સીએ સંજીવ શાહનુ કહેવુ હતુ કે, બજેટ વિકાસલક્ષી અને તમામ વર્ગોને આવરી લેતુ કહી શકાય.ઈ એસેસમેન્ટના કારણે લોકોના આઈટી ઓફિસના ધક્કા ઓછા થશે.મેગા ઈન્ડસ્ટ્રિય પાર્ક બનાવવાની અને તેમાં રોકાણ કરનાર કંપનીઓને પ્રોત્સાહન આપવાની જાહેરાતના કારણે મેન્યુફેક્ટરિંગ સેક્ટરને વેગ મળશે.

**સ્ટાર્ટ અપ પર વિશેષ ધ્યાન અપાયુ છે**

સીએ ઈન્સ્ટિટ્યુટના વડોદરા ચેપ્ટરના ચેરમેન હિતેશ અગ્રવાલનુ કહેવુ હતુ કે, સ્ટાર્ટ અપ પર બજેટમાં વિશેષ ધ્યાન અપાયુ છે.ઘર સામે લોન લઈને સ્ટાર્ટ અપ શરુ થયુ હોય તેવા કેસમાં કેપિટલ ગેઈન પરનો ટેક્સ ૩૧ માર્ચ,૨૦૨૧ સુધી નહી લાગે. સ્ટાર્ટઅપને લગતા જે પણ ઈસ્યૂ છે તેનો નિકાલ કરવા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ દ્વારા એક વિશેષ સેલ બનાવવાની જાહેરાત કરાઈ છે.સ્ટાર્ટ અપને લગતા ટેક્સના નિયમો પણ સરકાર હળવા બનાવશે.

---

SATURDAY, 06•07•2019

18 **SANDESH** — સિટી — VADODARA

ઈન્ફ્રાસ્ટ્રકચર માટે, કોર્પોરેટ સેકટરમાં ૫ ટકા રાહત આવકાર્ય

## MSMEને બજેટમાં રાહતોની અપેક્ષા સંતોષાઈ નથી : FGI

નાણાંમંત્રીને ૧૦ માંથી ૭.૫ માર્ક આપતું એફજીઆઈ



કેન્દ્રિય બજેટમાં એમએસએમઇ માટે રાહતોની અપેક્ષાઓ હતી તે સંતોષાઇ નથી તેમ એફજીઆઇના પ્રમુખ મનોહર ચાવલાએ જણાવ્યું હતું. તસવીરમાં ઉપ્રમુખ પરેશ સરૈયા, અભિષેક ગંગવાલ, ખજાનચી ભરત શાહ તથા સેક્રેટરી જનરલ નીતેશ પટેલ નજરે પડે છે.

। વડોદરા ।

કેન્દ્રિય બજેટમાં એમએસએમઈ માટે રાહતોની અપેક્ષાઓ હતી તે સંતોષાઈ નથી. ઈન્વેસ્ટમેન્ટ એલાઉન્સની જાહેરાતની અપેક્ષા હતી. દેશમાં ૯૦ ટકા ઉદ્યોગો એમએસએમઈમાં આવેલા છે. નિકાસને વૃધ્ધિ આપે તે માટે એમએસએમઈ માટે પ્રોત્સાહનોની અપેક્ષા ફળીભૂત થઈ નથી. જોકે કોર્પોરેટક્ષેત્રે ૫ ટકા કોર્પોરેટ આઈટીમાં ઘટાડો, સ્ટાર્ટ અપ માટેની મહત્વની જોગવાઈ સહિતની જાહેરાતો આ સમતોલ બજેટમાં રજૂ કરાઈ હોવાનું એફજીઆઈના સૂત્રધારોએ જણાવ્યું હતું.

ગુજરાતમાં ૩ લાખ ઉપરાંત MSME આવેલા છે. વડોદરામાં ૧૫ હજાર સહિત મધ્ય ગુજરાતમાં ૨૫ હજાર જેટલા એમએસએમઈ આવેલા છે. તેમાંથી ૨૦૦ ઉદ્યોગોને રૂ.૪૦૦ કરોડના ટર્ન ઓવર મર્યાદામાં ૫ ટકા કોર્પોરેટ ટેક્સમાં રાહતનો લાભ મળશે. એફજીઆઈના પ્રમુખ મનોહર ચાવલાએ જણાવ્યું હતુંકે, બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપર ભાર મુકવામાં આવ્યો છે. બીજી તરફ ઈન્કમટેક્સમાં હવે ફેસલેસ સ્કુટિની થશે તે આવકાર્ય બાબત છે. ઈલેક્ટ્રિકલ વ્હિકલ ખરીદી માટે અને એફોર્ડેબલ હાઉસિંગ માટે ઈન્કમટેક્સમાં જે છૂટ છાટ આપવામાં આવી છે તે પણ આવકાર્ય છે. બેંકિંગ ક્ષેત્રે અને એનબીએફસી ક્ષેત્રે પણ સારી જાહેરાત કરવામાં આવી છે.

FGIના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ પરેશ સરૈયાએ જણાવ્યું હતુંકે, ગઈ કાલે ઈકોનોમિક સરવે બાદ નિકાસ વધે તેની ઉપર ભાર મુકવામાં આવે તેવી અપેક્ષા હતી. આ બાબતમાં બજેટમાં સ્પષ્ટતા થઈ નથી. ઈન્કમટેક્સ વિભાગમાં પાન અને આધાર બંને હવે ચાલી શકશે તે મહત્વની જોગવાઈ છે અને તેનાથી હવે ઓછી આવક ધરાવનારાઓ પણ રિટર્ન ફાઈલ કરશે તેથી કરવેરાનો પાયો વિસ્તૃત થશે . જોકે પેટ્રોલ અને ડિઝલ ઉપર રૂ.૧નો ભાવ વધારો સમાન્ય લોકોને ભારે લાગશે.

ઉપપ્રમુખ અભિષેક ગંગવાલે જણાવ્યું હતુંકે, સ્ટાર્ટ અપ માટે ઈન્કમ ટેક્સમાં ઘણી મહત્વની જાહેરાતો કરવામાં આવી છે. એફજીઆઈ દ્વારા આ બજેટને ૧૦માંથી ૭.૫ માર્ક આપવામાં આવ્યા હતા. FGIના પૂર્વ પ્રમુખ ગીતા ગોરડિયાએ જણાવ્યું હતુંકે, કેન્દ્રિય નાણાં મંત્રીએ દરેક વર્ગને નજરમાં રાખીને જોગવાઈ કરી છે. સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર્સ ઓફ ટેક્સ કન્સલ્ટન્ટના પૂર્વ પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, આવક વેરાની કેટલીક જોગવાઈઓમાં રાહત અપાઈ છે ખાસ કરીને નવા મકાનની ખરીદી, ઈલેક્ટ્રીક વાહનની ખરીદીમાં રાહત અપાઈ છે.

**નાના મધ્યમ ઉદ્યોગોની કોઇ જ રજૂઆત ધ્યાને લેવાઇ નથી : વીસીસીઆઇ**

કેન્દ્રિય બજેટની જાહેરાતોથી નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને નિરાશા જન્મી છે. વડોદરા લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટેનું મહત્વનું કેન્દ્ર છે. મકરપુરા જીઆઇડીસી, સાવલી, પોર, વાઘોડિયા, પાદરા, નંદેસરી સહિતની જીઆઇડીસી - ઉદ્યોગ કલસ્ટર ખાતે આવેલા એકમોના સંચાલકોમાં બજેટની જાહેરાતોથી કોઇ ખુશી જોવા મળી ન હતી. વીસીસીઆઇના માનદ મંત્રી હિમાંશુ પટેલે જણાવ્યું હતુંકે, અમારી રજૂઆતો કોઇએ ધ્યાનમાં લીધી નથી. માત્ર રૂ.૧ કરોડની લોન સામે ૨ ટકા વ્યાજમાં રાહત સિવાય કોઇ જ પ્રોત્સાહન મળ્યું નથી. એક તરફ લઘુ અને મધ્યમ ઉદ્યોગો રોજગારીનું સૌથી વધુ સર્જન કરે છે ત્યારે તેની મુશ્કેલીઓ દૂર કરવી જરૂરી હતી.

**૧,૫૦૦ MSMEને લાભ મળશે** । કેન્દ્ર સરકારે ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં કોર્પોરેટ ટેક્સ વસૂલવા માટે ટર્નઓવરની મર્યાદા રૂ. ૨૫૦ કરોડથી વધારીને રૂ. ૪૦૦ કરોડ કરી છે. જેના પરિણામે ગુજરાતમાં અંદાજે ૧,૫૦૦ જેટલા MSME એકમોને કોર્પોરેટ ટેક્સ ઘટાડાનો લાભ મળશે.

---

**દિવ્ય ભાસ્કર** — વડોદરા — વડોદરા, શનિવાર, 06 જુલાઈ, 2019 | 6

ઓવરઓલ બજેટ બેલેન્સ કરવાનો આવકારદાયક પ્રયાસ, કોઈ ચોક્કસ ક્ષેત્રને નહિ પરંતુ તમામ ક્ષેત્રને આવરી લેનારુ બજેટ

## બજેટથી મધ્ય ગુજરાતમાં સેંકડો ઉદ્યોગોને સીધો લાભ મળશે

એફજીઆઈ ખાતે વડોદરાના ઈન્ડસ્ટ્રિયલિસ્ટોએ બજેટ અંગે મિશ્ર પ્રતિભાવ વ્યક્ત કર્યા હતા





ફાઈનાન્સ મિનિસ્ટર દ્વારા શુક્રવારે રજૂ કરવામાં આવેલા કેન્દ્રીય બજેટનું વડોદરાના ઈન્ડસ્ટ્રિયલિસ્ટોએ એફજીઆઈ ખાતે લાઈવ જોઈ પોતાના પ્રતિભાવ વ્યક્ત કર્યા હતા.

વડોદરા | લોકસભામાં કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલા બજેટને ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝે બજેટને 10માંથી 7.5 માર્ક આપ્યાં છે. શહેરના ટેક્સ પ્રોફેશનલ્સ તથા ઈન્ડસ્ટ્રીયલ ફોરમ દ્વારા સરકારના બજેટને આવકરવામાં આવ્યું છે. એમ.એસ.એમ.ઈ તથા એક્સપોર્ટને પ્રોત્સાહન આપવામાં આવશે તે વી આશા સેવાઈ રહી હતી.પરંતુ સરકાર દ્વારા કોઈ ઠોસ નિર્ણય બજેટમાં જાહેર કરવામાં આવ્યો નથી. એમ.એસ.એમ.ઈ ક્ષેત્રને બુસ્ટર ડોઝ આપવાની જરૂરત હતી. જોકે, આ અંગે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી નથી. તેમ જણાય છે આજે રજૂ થયેલા બજેટને સામાન્ય કહી શકાય.

**એક્સપર્ટ ઓપિનિયન / ઓવરઓલ બજેટને બેલેન્સ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે**

**ટ્રાન્સપોર્ટેશનના ખર્ચમાં વધારો થશે**

ઈન્ફ્રાસ્ટ્રકચર અને ખેડૂતો ઉપર બજેટમાં ભાર મૂકવામાં આવ્યો હતો. જેથી રોજગારી ઉભી થશે. પેટ્રોલ-ડિઝલમાં સેસમાં વધારો કરવાથી ઉદ્યોગો ઉપર ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ વધશે. કોર્પોરેટ ટેક્સ સ્લેબમાં સુધારો કરવામાં આવતાં મધ્યગુજરાતના ઉદ્યોગોમાં તેની સકારાત્મક અસર જોવા મળશે. » મનોહર ચાવલા, પ્રેસિડેન્ટ, ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ

**બજેટમાં તમામ ક્ષેત્રને આવરી લીધા**

નવા બજેટમાં સરકાર દ્વારા એમ.એસ.એમ.ઈ ને એક કરોડની લોન પર 2 ટકા વ્યાજની જોગવાઈ કરવામાં આવી છે.જે આવકાર દાયક પગલું છે,પરંતુ એમ.એસ.એમ.ઈ ક્ષેત્રને બુસ્ટર ડોઝ આપવાની જરૂરત હતી.આજે રજૂ થયેલા બજેટને સામાન્ય બજેટ કહી શકાય,કોઈ ચોક્કસ ક્ષેત્રને નહિ પરંતુ તમામ ક્ષેત્રને આવરી લેનારૂ બજેટ છે. » હિમાંશુ પટેલ, માનદ મંત્રી, વી.સી.સી.આઈ.

**એક્સપોર્ટ ક્ષેત્રને પ્રોત્સાહન જરૂરી**

5 ટ્રીલીયન ડોલરની ઈકોનોમી બનાવવા માટે એક્સપોર્ટ ક્ષેત્રને પ્રોત્સાહન આપવું જરૂરી છે. કોઈ ખાસ જોગવાઈ બજેટમાં કરાઈ નથી. બજેટમાં ટેનેન્સી લૉ, ક્રેડીટ ગેરંટી સ્કિમ, એફોર્ડેબલ હાઉસીંગ, ઈલેક્ટ્રીકલ વ્હીકલ ને પ્રોત્સાહન આપવા માટે સકારાત્મક નિર્ણયો લેવાયા છે. જે સરાહનીય છે. » વિશ્વનાથન શ્રીનીવાસન, મેમ્બર, ફેડરેશન ઓફ એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન(ફીયો)

**વિદેશી હુંડિયામણ માટે સુધારા કરાયા**

સરકારના બજેટમાં વિદેશી હુંડીયામણને દેશમાં આકર્ષવા માટે ફોરેન ડાઈરેક્ટ ઈન્વેસ્ટમેન્ટને મર્જ કરી દેવાયું છે. તેની સાથે બજેટમાં પબ્લીક સેક્ટર બેંકને 70 હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેની સાથે જુના ઈન્ડાઈરેક્ટ ટેક્સ સંબંધિત જુની ગુંચ ઉકેલવા માટે નવો સકારાત્મક પ્રયાસની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. » વિરલ શાહ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

**-તો રોજગારીની તકો ઉભી થશે**

બજેટમાં સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ માટે રાહત આપવામાં આવશે, તેમ લાગતુ હતું. પરંતુ આશા ઠગારી નિવડી છે. પરંતુ યોગ્ય સ્પષ્ટતા કરાઈ નથી. ઓવરઓલ બજેટ બેલેન્સ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે આવકારદાયક છે. બજેટમાં જે યોજનાઓ મૂકવામાં આવી છે તેનો અમલ થાય તો જ રોજગારીની તકો ઉભી થશે. » પરેશ સરૈયા, વાઈસ પ્રેસિડેન્ટ, એફ.જી.આઈ.

રેલવે વેચવા નહીં દઈએ : મઝદૂર સંઘ

### રેલવે પ્રાઈવેટાઈઝેશનનો મઝદૂર સંઘ દ્વારા વિરોધ

રેલવેમાં નેશનલ ટ્રાન્સપોર્ટ કાર્ડ શરૂ થશે

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | વડોદરા

કેન્દ્રીય બજેટમાં રેલવે અને રોડમાં ચાલી શકે તેવા નેશનલ ટ્રાન્સપોર્ટ કાર્ડની જાહેરાત કરવામાં આવી છે . આધુનિકીકરણ સાથે દેશના તમામ ટ્રાન્સપોર્ટને પણ જોડવા માટે આયોજન થઈ રહ્યું છે. રેલવેના આધુનિકીકરણ માટે લોકભાગીદારી અને પ્રાઈવેટાઈઝેશન કરવાની જાહેરાતનો રેલવે મઝદૂર સંઘ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.

રેલવેના વિકાસ માટે પ્રાઈવેટાઈઝેશન ઉપર જોર આપવામાં આવશે. સ્ટેશન , ટ્રેક અને ટ્રેન તમામ લોકભાગીદારી સાથે ખાનગીકરણ થશે. જે અંગે વેસ્ટર્ન રેલવે મઝદૂર સંઘના જે.જી. માહુરકરે જણાવ્યું હતું કે , અમે રેલવેને નહીં વેચવા દઈએ. રેલવે વેચીને કર્મચારીઓને ભિખારી બનાવવાનો ખેલ છે. તાજેતરમાં રાયબરેલીમાં કોચ બનાવતા યુનિટના પ્રાઈવેટાઈઝેશન અંગે કર્મચારીઓએ વિરોધ કરતાં વડાપ્રધાને વારાણસીમાં ખાનગીકરણ નહીં કરવા જાહેરાત કરી હતી ત્યારબાદ બે દિવસ પછી બજેટમાં પલટી મારી છે. અમારા માટે જીને મરનેકા સવાલ હૈ, હમ રેલવેકો ટીકા રખેંગે. શહેરમાં મહામના ટ્રેનના લોકાર્પણ સમયે આવેલા રેલ મંત્રી પીયુષ ગોયલે બે વર્ષ અગાઉ વડોદરા સ્ટેશનનો લોકભાગીદારીથી વિકાસ કરવાની જાહેરાત કરી હતી પરંતુ તે હજી સુધી થયું નથી. માત્ર 21 કરોડના ખર્ચે નાનામોટા બદલાવ થયા છે.

**નાનાં ગામો સુધી રેલવે પહોંચશે**

રેલવેને નાનાં ગામો સુધી લઈ જવાની જાહેરાત કરાઈ છે. ઝેડઆરયુસીસી સભ્ય રાકેશ શાહ મુજબ રેલવે ટ્રેકને લોકભાગીદારીથી વિકસાવવાથી રેલવે પાસે ફંડની કમી અને તેના કારણે કામોમાં થતો વિલંબ અટકશે. ઉલ્લેખનીય છે કે દાહોદ -ધાર પ્રોજેક્ટ વર્ષોથી અટવાયો છે.

---

**ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ** — બુધવાર, તા.૩ જુલાઇ, ૨૦૧૯

### બહુમાળી ઔદ્યોગિક શેડના બાંધકામની ઘોષણાને એફ.જી.આઇ. દ્વારા વધાવાઇ

નાણામંત્રી નિતીન પટેલે આપેલા રાજ્યના બજેટને તથા તેમાં ઉદ્યોગ જગત માટેની જોગવાઇઓને વડોદરા સ્થિત ફેડરેશન ઓફ ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ દ્વારા વખાણવામાં આવી છે. એફજીઆઇના સેક્રેટરી જનરલ નીતીશ પટેલે જણાવ્યું હતું કે, શહેરમાં તથા શહેરોની આસપાસ બનેલી ઔદ્યોગિક વસાહતોમાં હવે જગ્યાની અછત વર્તાય છે. ત્યારે કોમન ફેસીલીટી સહિતના ૧ હજાર પ્લગ એન્ડ પ્રોડ્યુસ બહુમાળી ઔદ્યોગિક શેડનું માંગ આધારિત બાંધકામ કરી આપવાની ઘોષણા રાજ્યના બજેટમાં કરવામાં આવી છે જે મહત્વની બાબત છે અને (અનુસંધાન પાન. ૨ ઉપર)

### સીજીસીસીઆઈ તરફથી પ્રતિક્રિયા નહીં વામપંથી આંગણવાડી સંગઠન અસંતુષ્ટ

તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ સરકારના લેખાનુદાન બજેટ બાદ હવે નાણામંત્રીએ રજુ કરેલા પુર્ણ કક્ષાના રાજ્યના બજેટ મામલે સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ સંગઠન તરફથી કોઈ પ્રતિક્રિયા પ્રાપ્ત થઈ ન હતી. બીજી તરફ આંગણવાડી વર્કરોના વામપંથી સંગઠન જીએકેએસની પગાર વધારાની માંગણી નહીં સંતોષાતા સંગઠને બજેટનીટીકા કરી હતી.બજેટ રજુ કરતા પહેલા નાણામંત્રી નીતીન પટેલે ઘોષણા કરી હતી કે સરદાર સરોવરમાં નવાપાણીની આવક શરૂ થઈગઈ હોવાથી રાજ્યના ખેડુતોને ખરીફના વાવેતરમાં મદદરૂપ થવા અષાઢી બીજથી કેનાલોમાં નર્મદાનું પાણી આપવાની શરૂઆત કરાશે, નાણામંત્રીની આ ઘોષણાને સરકાર તરફી વર્ગોએ આવકારી હતી.

### રાજયના બજેટમાં 'નલ સે જલ' યોજનાનો લાભ વડોદરાને પણ થશે : મ્યુનિ.કમિ.

રાજયના નાયબ મુખ્યમંત્રી નીતીન પટેલે આજે ૨૦૧૯-૨૦ ના બાકી રહેલ સમય માટેનું સુધારણા સાથેનું બજેટરજુ કરતા આ બજેટથી વડોદરા મહાનગર પાલીકા આશાવાદી બન્યું છે.મ્યુનિ. કમશનર અજય ભાદુએ જણાવ્યું હતું કે આ બજેટમાં વડોદરા માટે કોઈ ચોક્કસ યોજના કે ગ્રાંટનો ઉલ્લેખ કરાયો નથી પણ બજેટમાં નલ સે જલ યોજના છે તેમા શહેરના અને છુટા છવાયા વિસ્તારો જે બાકી રહી ગયા હશેતેના માટે પાલિકાના બજેટમાં પણ નેટવર્ક સુધારણા, છુટાછવાયા વિસ્તારોને આવરી લેવાની યોજના બનાવીછે. જેમાં સરકાર એક યા બીજી રીતે સહાય આપશે. (અનુસંધાન પાન. ૨ ઉપર)

**બહુમાળી ઔદ્યોગિક શેડના....**

આ દિશામાં ઝડપી કાર્યવાહી થવી જોઇએ. નીતીશ પટેલે જણાવ્યું હતું કે, એમ.એસ.એમ.ઇ. માટે રૂા. ૮૫૦ કરોડની ફાળવણી, ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટકચર માટે રૂા. ૮૪૩ કરોડની ફાળવણી, યુથ એન્ટરપ્રેન્યોર માટે રૂા. ૫૦ કરોડ સ્ટાર્ટઅપ હેઠળ જ્યારે રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે રૂા. ૧૮ કરોડની જોગવાઇ છે. કોલસા અને સુર્ય આધારિત ઉર્જા માટે રૂા. ૨૨૦ કરોડની ફાળવણી, વીજળીના નવા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક માટે રૂા. બે હજાર કરોડ નવા રોડ અને ઇન્ફ્રાસ્ટકચર પ્રોજેક્ટ માટે રૂા. ૧ હજાર કરોડની ફાળવણી વગેરેથી ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે તેમ શંકા નથી. સોલાર પમ્પ સેટ વસાવનારા ખેડૂતો માટે સબસીડીની ઘોષણાને પણ એફજીઆઇ દ્વારા આવકારવામાં આવી છે.

# MEDIA BUZZ

SANDESH THURSDAY, 04•07•2019

### આઠ વર્ષમાં દેશનું અર્થતંત્ર ૧૦ ટ્રિલિયન ડોલરનું કરવા લક્ષ્યાંક

## વિકાસલક્ષી - પારદર્શિતા ધરાવતું કેન્દ્રિય બજેટ રજૂ થશે : કલેકટર

### આઈસીએઆઈ દ્વારા બજેટ આશા અપેક્ષાઓ અંગે ટોક શો યોજાયો

। વડોદરા ।

આગામી આઠ વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૧૦ ટ્રિલિયન ડોલરનું બનાવવા માટેના લક્ષ્યાંકને સિધ્ધ કરવાની દિશામાં તા.પમીએ કેન્દ્રિય નાણાંમંત્રી નિર્મલા સિતારામન કેન્દ્રિય બજેટ રજૂ કરવામાં આવશે . જે વિકાસલક્ષી અને પારદર્શિતા ધરાવતું હશે, તેવો આશાવાદ જિલ્લા કલેકટર શાલિની અગ્રવાલે વ્યક્ત કર્યો હતો. આજે આઈસીએઆઈની વડોદરા શાખાના ઉપક્રમે આઈસીએઆઈ ભવન ખાતે પ્રી બજેટ ટોકશોમાં તેમણે આ બાબત જણાવી હતી.

તેમણે જણાવ્યું હતુંકે, અમદાવાદ - મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે આ બજેટમાં મહત્વની જોગવાઈ થશે તેવી અપેક્ષા પણ તેમણે સેવી હતી. રેલવે, પોર્ટ, એરપોર્ટ ,સ્પેસ, ડિફેન્સ, આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગો અને તેમાંય ખાસ કરીને એમએસએમઈ ખેડતો

#### CSRને રેવન્યૂ એક્સપેન્ડિચર તરીકે ગણો

કોર્પોરેટક્ષેત્રે સીએસઆર થાય છે, તેને રેવન્યુ એક્સપેન્ડિચર તરીકે ગણવું જોઇએ. કોર્પોરેટ અને વ્યક્તિગત ઇન્કમટેક્સના દર ઘટાડવા જોઇએ., જીએસટીમાં પેટ્રોલિયમ અને ઇલેક્ટ્રિસિટીનો ખર્ચનો સેટ ઓફ મંજૂર રાખવો જોઇએ. - મનોહર ચાવલા, પ્રમુખ એફજીઆઇ

#### બોનાન્ઝા ફોર MSMEની અપેક્ષા

એમએસએમઇની નિકાસ વધે તે માટે વિવિધ પ્રોત્સાહન આપવા જોઇએ.
એસોસિએશનના ડેલિગેશનો માટે જે પ્રોત્સાહક યોજના હતી તે ચાલુ રાખવી જોઇએ.
નાણાંમંત્રી પાસે બોનાન્ઝા ફોર એમએસએમઇની અપેક્ષા છે.
- નિતેશ પટેલ, સેક્રેટરી જનરલ , એફજીઆઇ

#### ટેક્સ ઓફિસરો દ્વારા થતાં ઉંચા એસેસમેન્ટનો પ્રશ્ન ઉકેલો

ઇન્કમટેક્સમાં ટેક્સ ઓફિસરો દ્વારા ઉંચા એસેસમેન્ટ થાય છે તે પ્રશ્ન ઉકેલવો જોઇએ. ટેક્સ પેયર માટે ઇન્સેન્ટિવ સ્કીમ રજૂ કરો. કરવેરા સમાધાન સ્કીમ લાવો. એસટીટી ઘટાડવો જોઇએ. જીએસટીની રિટર્નની બોટલનેક દૂર કરો. -પ્રણવ શાહ, સીજીસીટીસી

---

SANDESH FRIDAY, 05•07•2019

### બજેટ પૂર્વે જ ફાર્મા ઉદ્યોગને કેન્દ્ર સરકાર દ્વાર

## ફાર્મા ઉદ્યોગની નિકાસના પેકિંગ ઉપર ટ્રેક -ટ્રેસનો અમલ મોકૂફ

### કેન્દ્રના વાણિજ્ય મંત્રાલય દ્વારા સત્તાવાર જાહેરાત કરાઈ

। વડોદરા ।

દેશના ફાર્મા ઉદ્યોગમાં મહત્વનું સ્થાન ધરાવતા ગુજરાત માટે બજેટની પૂર્વ સંધ્યાએ મહત્વના રાહત રૂપ સમાચાર મળી રહ્યા છે. જેમાં ફાર્મા ઉદ્યોગ દ્વારા નિકાસ થતી દવાઓના પેકિંગ ઉપર ટ્રેક એન્ડ ટ્રેસ સિસ્ટમનો અમલ હવે ૧લી એપ્રિલ ૨૦૨૦ સુધી મુલત્વી રાખવામાં આવ્યો છે. ભારતમાંથી વર્ષે ૧૯.૫ બિલિયન ડોલરની દવાની નિકાસ થાય છે .જેમાં ગુજરાતનો હિસ્સો ૩૨ ટકા જેટલો છે ત્યારે કેન્દ્રના વાણિજ્ય મંત્રાલય દ્વારા ફાર્માઉદ્યોગની માગણી સંતોષવામાં આવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા નિકાસ થતી દવાઓની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ૨૦૧૬માં જાહેર કરવામાં આવેલી આ ટ્રેક એન્ડ ટ્રેસ પોલિસીનો ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ ,ફાર્મેક્સિલ, આઈડીએમએ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. જેના પગલે વખતો વખત આ ટ્રેક એન્ડ ટ્રેસ પોલિસીનો અમલ મોકૂફ રાખવામાં આવતો હતો. ૨૦૧૫-૨૦ની ફોરેન ટ્રેડ પોલીસીમાં આ બાબતનો અમલ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

ફાર્મા ઉદ્યોગમાં પેરેન્ટ ચાઈલ્ડ રિલેશનશીપ નિકાસ માટેની દવાઓ - ફોર્મ્યુલેશન્સ તથા ઈન્જેકશનો તમામ ઉપર બારકોડ લગાવવા માટે સરકારે અગાઉ જાહેરાત કરી હતી.જોકે દવાઓનું ઉત્પાદન તથા જોબ વર્ક કરતાં નાના અને મધ્યમ એકમો માટે આ સિસ્ટમ ઉભી કરવી તે અત્યંત ખર્ચાળ બાબત હોવાથી તેનો વિરોધ કરવામાં આવ્યો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા DAVA પોર્ટલ ઉપર આ માટે તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં પેરેન્ટ ચાઈલ્ડ રિલેશનશીપનો અમલ દરેક ક્ષેત્રે કરવા માટે સરકાર દ્વારા ભાર મુકાયો હતો.

કેન્દ્ર સરકારને થયેલી રજૂઆતમાં દવાઓનું ઉત્પાદન કરતાં મોટાભાગના એકમો દ્વારા ટુડી બારકોડ લગાવવામાં આવે છે. ઈઝ ઓફ ડુઈંગ માટે અને ખાસ કરીને એમએસએમઈ માટે આ ટ્રેક એન્ડ ટ્રેસ સિસ્ટમ મુલત્વી રાખવી જોઈએ તેવી માગણી કરાઈ હતી.

#### દાવા પોર્ટલનો વિદેશમાં કોઇ જ અર્થ રહેતો ન હતો

દાવા પોર્ટલ ઉપરથી ટ્રેક એન્ડ ટ્રેસ સિસ્ટમથી બારકોડ લગાવવાની જોગવાઇ સામે આઇ ડીએમએ, ફાર્મેક્સિલ અને એફજીઆઇ દ્વારા એવી રજૂઆત કરાઇ હતીકે, આ પોર્ટલની કનેક્ટિવીટી જે દેશમાં ન હોય ત્યાં તેનો અર્થ રહેતો નથી. ભારત દેશની આંતરિક દવાનો ઉપયોગ ૧૮ બિલિયન ડોલર છે.તેના કરતાં પણ નિકાસ વધુ હોય છે. અમેરિકા સહિતના દેશોની ડ્રગ ઓથોરિટીના નિયમો મુજબ ફાર્મા નિકાસ થાય છે. કેન્દ્રના વાણિજ્ય સચિવ વાધવાએ આ મુદ્દે વ્યવહારૂ ઉકેલ લાવવા માટે સૂચન પણ માગ્યા છે. - ભરત દેસાઇ, પૂર્વ પ્રમુખ, IDMA ગુજરાત

---

ગુજરાત સમાચાર શુક્રવાર, તા.૫ જુલાઈ, ૨૦૧૯

### પેરેન્ટ-ચાઈલ્ડ બારકોડિંગ સિસ્ટમનો અમલ કરવામાં આવે તો

## ફાર્માસ્યુટિકલ સેક્ટરના ઉત્પાદનમાં ૩૦ ટકા સુધીના ઘટાડાની સંભાવના

વડોદરા,ગુરુવાર

વડોદરા સહિત ગુજરાતની ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રિઝ દ્વારા કેન્દ્ર સરકારના પેરેન્ટ ચાઈલ્ડ બારકોડિંગ સિસ્ટમનો અમલ કરવા સામે થઈ રહેલા વિરોધના પગલે સરકારના વાણિજ્ય મંત્રાલયે ચોથી વખત તેના અમલની મર્યાદા લંબાવવી પડી છે.ઈન્ડસ્ટ્રિઝને એપ્રિલ,૨૦૨૦ સુધી આ નિયમમાં મુક્તિ આપવામાં આવી છે.

## ફાર્માસ્યુટિકલ કંપનીઓના સતત વિરોધ બાદ નિયમનો અમલ કરવા માટેની સમયમર્યાદા ચોથી વખત લંબાવાઈ

આ મુદે વડોદરાનુ ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ પણ રજૂઆત કરી ચુક્યુ છે.કારણકે વડોદરામાં લગભગ ૨૫૦ જેટલી ફાર્માસ્યુટિકલ કંપનીઓ છે.જેમાંથી મોટાભાગની કંપનીઓ એક્સપોર્ટ કરે છે.

ઈન્ડિયન ડ્રગ મેન્યુફેક્ટરિગં એસોસિએશનના ગુજરાત બોર્ડના પૂર્વ ચેરમેન ભરત દેસાઈનુ કહેવુ છે કે, ડુપ્લિકેટ દવાઓ ના બને તે માટે આ નિયમ ચાર વર્ષ અગાઉ લાગુ કરાયો હતો, તેના એક ભાગરુપે દવાઓના નાના બોક્સ અને મોટા બોક્સનુ બારકોડિંગ તો કરવાનુ જ હોય છે પણ તેની સાથે સાથે અમુક ચોક્કસ નંબરના નાના બોક્સ ચોક્કસ નંબરના મોટા બોક્સમાં જ પેક થાય તે જોવાનુ હોય છે.એ પછી તેની વિગતવાર એન્ટ્રી સરકારના દાવા (ડ્રગ ઓથેન્ટિકેશન વેરિફિકેશન એપ્લિકેશન) પોર્ટલ પર પણ કરવાની હોય છે.

તેમનુ કહેવુ છે કે, આ તમામ કામગીરી ખૂબ જ લાંબી, કંટાળા જનક, ખર્ચાળ અને અર્થ વગરની છે.કારણકે જે દેશમાં આ દવાઓ જવાની છે તેની પાસે પેરેન્ટ-ચાઈલ્ડ સિસ્ટમ પ્રમાણે દવાઓ પેક થઈ છે કે નહીં તેની ચકાસણી કરવાની સુવિધા જ નથી.જો ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રિઝ નિયમનો અમલ કરવા જાય તો તેમાં એટલો સમય લાગી શકે છે કે, ઉત્પાદનમાં સીધો ૩૦ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે.જની અસર દવાના એક્સપોર્ટ પર પણ પડી શકે છે.

#### ઉત્પાદન ખર્ચમાં૨૦ ટકાનો વધારો થઈ શકે છે

સ્મોલ અને મિડિયમ સ્કેલની દવા કંપનીઓ માટે તો આ નિયમનો અમલ કરવાનું ખર્ચાળ પણ છે.કારણકે પેરેન્ટ-ચાઈલ્ડ બારકોડિંગ માટેનુ સોફ્ટવેર અને બીજી મશિનરી ઈન્સ્ટોલ કરવા પાછળ ૬૦ લાખ રુપિયા સુધીનો ખર્ચ થતો હોય છે.ઉપરાંત દાવા પોર્ટલમાં તેની એન્ટ્રી તો અલગ.આ સંજોગોમાં નાની દવા કંપનીઓની પ્રોડક્શન કોસ્ટમાં પણ ૨૦ ટકા સુધી વધારો થઈ શકે છે.

#### દેશની દવા કંપનીઓના વિદેશી વેપાર પર નજર

-ભારતમાંથી દર વર્ષે ૧૭૦ દેશોમાં દવાઓ એક્સપોર્ટ થાય છે.જેમાંથી મોટાભાગના વિકસિત દેશો છે

- કુલ ૨૦૦૦૦ જેટલી દવા કંપનીઓ એક્સપોર્ટના વ્યવસાયમાં છે.

-ભારતમાંથી લગભગ ૨૦ અબજ ડોલરની દવાઓ એક્સપોર્ટ થાય છે

-વિદેશોમાં થતી એક્સપોર્ટમાં ગુજરાતની દવા કંપનીઓનો ફાળો લગભગ ૩૦ ટકા છે.

#### મોટાભાગની દવાકંપનીઓ નિયમનો અમલ કરી રહી નથી

દવાના ઉત્પાદન સાથે સંકળાયેલા અન્ય એક ઉદ્યોગપતિ હેનિલ પટેલનુ કહેવુ છે કે, પેરેન્ટ-ચાઈલ્ડ બારકોડિંગ સિસ્ટમ ઓટોમેશન હોય તો અસરકારક રીતે અમલમાં મુકી શકાયે તેમ છે.જ્યારે મોટાભાગની ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રિઝ દવાઓનુ પેકિંગ મેન્યુઅલી કરે છે.જેમાં આ સિસ્ટમનો અમલ કરવાનુ કામ સમય માંગી લે તેવુ છે.જેની સીધી અસર ઉત્પાદન અને એક્સપોર્ટ પર પડી શકે છે.આ જ કારણે ગુજરાતની મોટા ભાગની દવા કંપનીઓ આ નિયમનો અમલ કરી રહી નથી.

#### ભારતીય કંપનીઓની સીધી સ્પર્ધા ચીન જોડે છે

વિદેશોમાં દવાઓના એક્સપોર્ટમાં ભારતને ચીન અને પાકિસ્તાન સુધ્ધા પણ ટક્કર આપી રહ્યુ છે.આ સંજોગોમાં હવે ભારતીય દવા કંપનીઓ માટે સમયસર ડિલિવરીનુ મહત્વ પણ વધી ગયુ છે.બારકોડિંગનો અને તે પછી દાવા પોર્ટલ પર એન્ટ્રીનો નિયમ તેમાં સૌથી મોટુ નડતર બની શકે તેમ છે.

#### સરકારનુ દાવા પોર્ટલ સક્ષમ નથી

દવા કંપનીઓએ જેમાં પોતાના શિપમેન્ટની રજેરજની એન્ટ્રી કરવાની હોય છે તે દાવા પોર્ટલમાં પણ ધાંધિયા છે તેવુ સૂત્રોનુ કહેવુ છે.આ પોર્ટલ વારંવાર હેંગ થઈ જાય છે.અત્યાર સુધીમાં દેશમાંથી માત્ર ૩૦૦ દવા કંપનીઓએ તેના પર એન્ટ્રી કરવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યુ છે.

#### હવે સરકાર નિયમ પર પુનઃ વિચારણા કરી રહી છે

ફાર્માસ્યુટિકલ કંપનીઓની રજૂઆત બાદ હવે વાણિજ્ય મંત્રાલય આ નિયમ કાઢી નાંખવા માટે પણ વિચારણા કરી રહી છે.કારણકે આ નિયમનો અમલ કરવા માટે કંપનીઓ તૈયાર નહી હોવાથી સરકાર માટે પણ એક મોટી સમસ્યા સર્જાઈ છે

## વાઘોડિયાની દવા બનાવતી કંપનીમાં આગ

(પ્રતિનિધિદ્વારા) વ ડોદરા,ગુરૂવાર

વાઘોડિયા ખાતે કેપ્સ્યુલ બનાવતી યોસિસ કેપ્સ પ્રા.લિ.નામની કંપનીમાં આજે બપોરે હોટ વોટર જનરેટરમાં ઓવર હિટિંગના કારણે આગ લાગતાં કર્મચારીઓ જીવ બચાવવા માટે બહાર નીકળી ગયા હતા.બનાવને પગલે નજીકમાં પડેલો ડિઝલનો કારબો પણ લપેટાતાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હોવાનું ફાયર બ્રિગેડના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.વડોદરા ફાયર બ્રિગેડના લાશ્કરોએ આગ કાબૂમાં લીધી હતી.